એપ્રિલ, મે, જૂન ૨૦૨૫

# સમસ્ત શ્રીગૌડ સમાજ, ગુજરાત

ब्राह्मणोऽस्य मुखमासित्

રજી. નં. A/3352, અમદાવાદ



શ્રી મહાલક્ષ્મી મંદિર, મઘવાસ

ટ્રસ્ટ રજી. નં. ઈ–૭૨૮૩
AMC રજી.નં. PIEL ૪૧૬૨૩

ફોન : ૦૭૯–૨૬૬૦૪૧૩૪
મો. : ૯૮૭૯૭૯૪૧૩૪
૯૮૭૯૬૦૪૧૩૪

V.M.B.
Estd. 1995

॥ શ્રી ગણેશાય નમઃ ॥

વિધાતા એજ્યુકેશન ટ્રસ્ટ,
અમદાવાદ સંચાલિત



# વિધાતા મેરેજ બ્યુરો

૧૯૯૫ થી અભણ, ઓછું ભણેલા, નોન ગ્રેજ્યુએટ,
ડીગ્રીધારક, મેડીકલ, એન્જિનિયરિંગના ઉચ્ચ શિક્ષિત ભારતના,
વિદેશના એન.આર.આઈ. માટેના જીવનસાથી પાત્રો
૧૦૦% ગેરંટીથી મેળવી આપનાર કમ્પ્યૂટરાઈઝ લગ્ન સંસ્થા

**અપરણિત, છૂટાછેડા, વિધવા, વિધુર, સિનીયર સીટીઝન
સફેદદાગ, વિકલાંગ, શારીરિક ક્ષતિ, મુકબધિર, પ્રજ્ઞાચક્ષુ
એચ.આઈ.વી., એન.આર.આઈ. યુવક–યુવતિના લાયક
અને યોગ્ય જીવનસાથી પાત્રોની
આપની પસંદગી મુજબ ઈચ્છાનુસાર મેરેજ ન થાય
ત્યાં સુધી કોન્ટેક્ટ કરાવી આપવામાં આવે છે.**

**૧૦, સેલર, વિજય કોમ્પલેક્ષ, વાસણા બસ સ્ટેન્ડ પાસે,
વાસણા, અમદાવાદ-૩૮૦૦૦૭.**

**સમય : ૧૦ થી ૮, રવિવારે ૧૦ થી ૧, જાહેર રજાએ ચાલુ.**

Website : http://www.vidhatamarraige.com
Email : contact@vidhatamarriage.com

લગ્ન સ્વર્ગમાંથી રચાય છે, તેમની જોડી 'વિધાતા' યોગ્ય સમયે મેળવી આપે છે,
તેમાં પુરૂષાર્થ થકી પ્રારબ્ધ ઘડવાની વિધાતા પણ છૂટ આપે છે.

**હસમુખ જોષી**
M.A.,LL.B.
મેનેજિંગ ડાયરેક્ટર

**દિના જોષી**
M.A.,LL.B.
મેનેજર

श्री महालक्ष्म्यै नमः    उतिष्ठत जाग्रत प्राप्य वरान्निबोधत    महालक्ष्मी प्रसन्नाऽस्तु

"જાગો, ઊઠો, વિરમો નહિ, સાધો આશય ના જ્યાં સુધી"

**સમસ્ત શ્રીગૌડ સમાજ, ગુજરાત.** રજી. નં. A/3352, Ahmedabad

# શ્રીગૌડ જાગૃતિ

## મુખપત્ર

પ્રકાશક અને પ્રમુખ : શ્રી કમલેશ એસ. પાઠક, સમસ્ત શ્રીગૌડ સમાજ, ગુજરાત.

**એપ્રિલ, મે અને જૂન ૨૦૨૫** | www.sssgujarat.org

**પ્રમુખ**

**શ્રી કમલેશભાઈ પાઠક**

મો. 94265 11472

**મંત્રી**

**શ્રી યોગેશ શુક્લ**

મો. 98240 58799

**ખજાનચી**

**શ્રી પ્રવિણ પુરોહિત**

મો. 9824358297

**તંત્રી**

**શ્રી રાજેશ પંડ્યા 'રાજ'**

મો. 94286 04119

**તંત્રી મંડળ**

શ્રી જયંતભાઈ જોષી

શ્રી વિપુલભાઈ વી. દવે

શ્રી હેતલકુમાર શુક્લ

શ્રી ધ્રુવ શુક્લ

શ્રી કૃતાર્થ જોષી

શ્રી દિગિશ દવે

### અનુક્રમણિકા

| | | | |
|---|---|---|---|
| ૧. | વિધાતા મેરેજ બ્યુરો - જાહેરાત | | ૦૨ |
| ૨. | તંત્રી લેખ | રાજેશ પંડ્યા-રાજ | ૦૫ |
| ૩. | સહયોગ અપીલ | તંત્રીશ્રી | ૦૬ |
| ૪. | ડભોડીયા હનુમાન | તંત્રીશ્રી | ૦૭ |
| ૫. | કેમ્પ હનુમાન | | ૦૮ |
| ૯. | લાંભવેલ હનુમાન | | ૦૯ |
| ૧૦. | જાહેરાત - સદાશિવ | | ૧૧ |
| ૧૧. | મલેકપુર હનુમાન | તંત્રીશ્રી | ૧૨ |
| ૧૨. | જાહેરાત - ઉડાન | | ૧૩ |
| ૧૩. | જાહેરાત - જયશ્રીબેન પી. ઉપાધ્યાય | | ૧૪ |
| ૧૪. | જાહેરાત - આશિષભાઈ પાઠક | | ૧૫ |
| ૧૫. | સિદ્ધિ સોપાન | | ૧૬ |
| ૧૬. | જાહેરાત - એમરાલ્ડ ડેવલોપર્સ | | ૨૪ |
| ૧૭. | જાહેરાત - ટ્રોપીકલ સોલાર | | ૨૫ |
| ૧૮. | જનની | ધ્રુવ જોશી | ૨૬ |
| ૧૯. | આકાશમાં વીજલીના તેજ લિસોટા | રાજેશ પંડ્યા-રાજ | ૨૭ |
| ૨૦. | જાહેરાત - જોષી ચશ્માઘર | | ૨૯ |
| ૨૧. | કંકુચાંદલો | ભારતી ઉપાધ્યાય | ૩૦ |
| ૨૨. | જનની | યામિની ત્રિવેદી | ૩૦ |
| ૨૩. | જાહેરાત - ડોનાલ્ડ કીડ | | ૩૧ |
| ૨૪. | જાહેરાત - મલ્હાર સ્પોર્ટસ એકેડેમી | | ૩૧ |
| ૨૫. | શિવમ પાર્ટી પ્લોટ | | ૩૨ |

| | | | |
|---|---|---|---|
| ૨૬. | શ્રી વિદ્યામંદિર વિદ્યાલય | | ૩૨ |
| ૨૭. | કાવ્ય - જાગરણ | રાજેન્દ્ર પાઠક | ૩૩ |
| ૨૮. | કાવ્ય - કેટલી વફાદારી છે તારી યાદો | દક્ષેશ જોશી | ૩૩ |
| ૨૯. | કાવ્ય - અંતરના દરવાજેથી | તન્વી શુક્લ | ૩૪ |
| ૩૦. | કાવ્ય - આજે સુભગ સંયોગ | ડૉ. બિરેન પાઠક | ૩૪ |
| ૩૧. | મોસાળ | માલિની જોષી | ૩૫ |
| ૩૨. | મેહુલો | ધ્રુવ જોશી | ૩૫ |
| ૩૩. | મમ્મી-એક સ્વાસ જે કદી અટકે નહીં | ક્રિષ્ના શુક્લ | ૩૫ |
| ૩૪. | બૂંદો બચ્ચે હું | ભવ્યા ડી. શુક્લા | ૩૭ |
| ૩૫. | ડ્રોઈંગ - નિશાંત અજયભાઈ ક્ષોત્રિય | | ૩૮ |
| ૩૬. | ડ્રોઈંગ - માલાબેન પાઠક | | ૩૮ |
| ૩૭. | ડ્રોઈંગ - ખુશી રાજેશ પંડ્યા | | ૩૮ |
| ૩૮. | સમાચાર સંચય | | ૩૯ |
| ૩૯. | મારો સમાજ મારો પરિવાર | યોગેશ શુક્લ | ૪૧ |
| ૪૦. | ડૉ. કેતન શુક્લ, ડૉ. રિદ્ધિ શુકલ | | ૪૨ |
| ૪૧. | ખુશીનું વૈદુ | | ૪૨ |
| ૪૨. | મહિલા ઉડાન પાંખ | | ૪૩ |
| ૪૩. | શ્રીગૌડ સાડત્રીસ સમાજ | | ૪૪ |
| ૪૪. | જાહેરાત - રિદ્ધિ સિદ્ધિ રેસીડેન્સી | | ૪૫ |
| ૪૫. | જાહેરાત - શ્રી રાધે ક્રિષ્ના રેસીડેન્સિયલ | | ૪૬ |
| ૪૬. | શ્રી બસો સમસ્ત શ્રાગૌડ મંડળ, વડોદરા | | ૪૭ |
| ૪૭. | શ્રી શ્રીગૌડ મિત્ર મંડળ, વડોદરા | | ૪૭ |
| ૪૮. | શ્રી શ્રીગૌડ મિત્ર મંડળ, વડોદરા - બોક્સ ક્રિકેટ | | ૪૮ |
| ૪૯. | એપ્રિલ, મે, જૂન ૨૦૨૫ અવસાન નોંધ | | ૪૯ |
| ૫૦. | જાહેરાત - કે.જે.આઈ.ટી. | | ૫૦ |
| ૫૧. | જાહેરાત - કાશીબા આયુર્વેદિક હોસ્પટિલ | | ૫૫ |
| ૫૨. | સમસ્તશ્રીગૌડ જીવનસાથી વોટ્સએપ ગ્રુપ | | ૫૬ |
| ૫૩. | સમસ્ત શ્રીગૌડ સમાજ, ગુજરાત, ટ્રસ્ટીગણ અને કારોબારી સભ્યોની યાદી | | ૫૭ |
| ૫૪. | નવા આજીવન સભ્યોની યાદી | | ૫૮ |
| ૫૫. | માહિતી સમાચાર શ્રીગૌડ જાગૃતિ સુધી પહોંચાડવાનું ગુગલ ફોર્મ | | ૫૯ |

## તંત્રી લેખ



શ્રી બંધુ મિત્રો,

કુશળ હશો. વરસાદી માહોલ વચ્ચે સુંદર વાતાવરણ તમે માણતા હશો.

અંક વિશે વાત કરું તો જુલાઈ અંક ૨૦૨૫ સાથે સંપૂર્ણ રંગીન શ્રીગૌડ જાગૃતિને એક વરસ પૂર્ણ થયું. દર બે માસની આસપાસ જાગૃતિ બહાર પડી. વૈવિધ્યસભર માહિતી તમને પસંદ પડી. સમસ્ત શ્રીગૌડ સમાજ-ગુજરાત જેને વડલો ગણીએ તો તે વડલો અને તેની વડવાઈઓ સ્વરૂપ તમામ નાના-મોટા મંડળોની માહિતીઓ, સમાચારો, કાર્યક્રમો ઉપરાંત રસસભર અન્ય માહિતીઓ એક વરસના છ જાગૃતિ અંકમાં આવરી લીધી. સમાજમાં પણ સહકાર ભાવના વધુ જાગી. સારો એવો સહકાર પ્રાપ્ત થયો.

જો સમાજ પ્રગતિ ગણીએ તો સાચા અર્થમાં દેખાય એવા અમુક કાર્યક્રમો પણ થયા. શ્રીગૌડ જાગૃતિએ એની લોકપ્રિયતા વધારવાનું ચાલુ રાખ્યું. મિત્રો, દરેક શ્રી ઘર એક અલગ મહત્વ ધરાવે છે. એની રસ-રૂચિ, નવીનતમ રજૂઆત, સરળ ભાષા, પહેલી નજરે ગમી જાય તેવા રંગીન ફોટાઓ જેવી નાની નાની માવજત સાથે હું અંક આપની સમક્ષ પ્રદર્શિત કરું છું. તમને છેલ્લે સુધી રસ જળવાઈ રહે એ મહત્વનું ગણું છું.

ફરી અંકની વાત કરું તો આ વરસે શિક્ષણ સિધ્ધિ સોપાનોમાં નોંધપાત્ર વધારો તમને દેખાશે એ જ સમાજ જાગૃતિ કહેવાય. દરેકને એમ થાય કે આ મેગેઝીન મારું છે. પોતાના દીકરા -દીકરીની મહેનતી સફળતા પ્રગટ કરવાનું આનાથી મોટું કયું માધ્યમ ગણો? બસ આવું  દરેક ક્ષેત્રની સિધ્ધિઓ, સમાચારો. દરેકનું મન હું ઓળખું છું અને એ મુજબ અનૂકુળ પ્લેટફોર્મ પૂરું પાડું છું. આ પ્લેટફોર્મનો વધુ બહોળો ઉપયોગ કરશો એવી કાયમી જીવંત તત્પરતા હું રાખું છું.

આ અંકમાં તમને સુપ્રસિધ્ધ હનુમાનજી મંદિરો, વિવિધ સિધ્ધિ સોપાનો, સમાચાર સંચયો, સાહિત્ય,કલા, અન્ય ઉપયોગી માહિતીઓ જાણવા મળશે. ૧૫ જાહેરાત અંકમાં આવે એ એક સમાજ જાગૃતિ અને લોકપ્રિયતાનો સતત વધારો કહેવાય. જે મને ખુબજ પ્રોત્સાહન પૂરું પાડે છે. સમાજે મારી મહેનતની કદર કરી એમ ભાવના મને જાગે છે. અંકની દરેક માહિતી હું જાતે લખી, પછી  પ્રિન્ટરને મોકલાવું છું ભલે  મહેનત પડે પણ વ્યાકરણની ભુલો ખાસ જોવા નહિ મળે.

બસ એક જ આશા કે કદી કોઈ સામાજિક કામ લઈ તમારા  ઘેર આવું કે જેમાં સંપૂર્ણ પારદર્શકતા હોય, એમાં તમારાથી બની શકે એટલી મદદ કરજો પણ હ્દયને અસર થાય એમ જાકારો કે અપમાન ન કરશો. સામાજિક કામ જે સામૂહિક છે, બધાના સહકારથી, સુમેળભર્યા વ્યવહારોથી એ પાર પડતાં હોય છે, એમાં સહભાગી બનાય. દરેક શ્રી બંધુઓનો ઘરદીઠ અને  ઘરના સભ્યો દીઠ ખૂબ ખૂબ આભાર. એક  મીઠી યાદ સાથે વિરામ.

આપનો મિત્ર

રાજેશ પંડ્યા " રાજ "

કલરવ ગુજરાતી સાહિત્ય ગૃપ અને ટ્રસ્ટ (ઉપપ્રમુખ)


આપને ત્યાં સારા-નરસા પ્રસંગે જાગૃતિને દાન આપો અને અપાવો. વિગતો નીચે મુજબ છે.

**ખાસ નોંધ : બેંકની વિગત નોંધી લેશો.**

એકાઉન્ટ નામ : સમસ્ત શ્રીગૌડ સમાજ, ગુજરાત.

એકાઉન્ટ નંબર : ૩૦૧૨૧૮૩૯૦૯૨

બેંક : સ્ટેટ બેંક ઓફ ઈન્ડિયા, બ્રાંચ : પ્રગતિનગર (૦૮૦૫૩)

**IFS Code : SBIN0008053**

E-mail - shreegaudjagruti2019@gmail.com

Website -  https://samastshreegaudsamajgujarat.org

Facebook- https://www.facebook.com/samastshreegaudsamaj/

**Contact No. : 8799163969 (Jayant Joshi)**

# સૌનું પોતીકું નજરાણું શ્રીગૌડ જાગૃતિ

શ્રી બંધુ મિત્રો,

શ્રીગૌડ જાગૃતિમાં દર બે માસે નિયમિત બહાર પડતાં લોકપ્રિય રંગીન અંક માટે જાહેરાતો આપવાની વિગતો આપેલી છે.

| | | |
|---|---|---|
| પેજ સાઈઝ | આખું પેજ 140/210 mm | અડધું પેજ 140/105 mm |
| પેજના ભાવ (રૂ) | 800 | 500 |
| પ્રથમ,બીજું અને છેલ્લું પેજ | 1000 | |

Bank Details: Account name : Samast Shreegaud Samaj, Gujarat
Bank : SBI
Branch : Pragatinagar
Account number : 30121839092
IFS Code : SBIN0008053

---

મિત્રો,

તમારા ધંધાની, વ્યક્તિ વિશેષ તરીકે પોતાની, અવસાન નોંધ, વ્વવસાયની, માતાજીના તીર્થધામના આખા પેજના ફોટા સાથેની, કોઈ બહારના ઓળખીતા સંપર્કની...કોઈપણ રીતે જાહેરાત આપી શકો છો. જાહેરાત બની શકે એટલી વહેલી પહોંચાડવાની રહેશે તો મને ગોઠવતા ફાવે.

દરેકનું માનીતું નજરાણું હોવાથી અંકની લોકપ્રિયતા વધતી જ જાય છે. અન્ય સમાજ પણ મારી પાસે પ્રમાણ તરીકે અંક મંગાવ્યો હતો.

તમારું કામ  આપણા નજરાણાં અંકને જાહેરાતો થી ભરી દેવાનું, મારું કામ દરેક શબ્દોમાં કાયમ માટે વિવિધતા ભરી દેવાનું. તમે તમારું કામ સંભાળો, જાહેરાતો આપી મને પ્રોત્સાહિત કરો, હું મારું કામ કરું.. સમાજના માટે અંદરથી રસ ધરાવતા શ્રીબંધુઓનો સમાજ રસ વધતો જાય એવો અંક બનાવવા મહેનત કરૂ છું. અહીં સમાનતા ના ધોરણે જ કામ થાય છે. સપ્ટેમ્બર અંકમાં જાહેરાત માટે નોંધણી કરાવી ઝડપથી  જાહેરાત મોકલી આપશો

- તંત્રી, શ્રીગૌડ જાગૃતિ
રાજેશ પંડ્યા "રાજ" (9428604119)




**સમસ્ત શ્રીગૌડ સમાજ ગુજરાતને અનુદાન આપવા માટે આ QR કોડનો ઉપયોગ કરી શકો છો.**

# ડભોડીયા હનુમાન, ડભોડા, ગાંધીનગર

ગાંધીનગર પાસે આવેલા ડભોડા ગામમાં આશરે એક હજાર વરસ જુનું ચમત્કારિક હનુમાનજી મંદિર આવેલું છે. મંદિરની મુર્તિ સ્વયંભૂ પ્રગટ થયેલી છે. એ પાછળ ઈતિહાસ જોઈએ.

મુગલકાળના સમય દરમિયાન સિધ્ધપુર પાટણ ઉપર મુગલરાજા અલાઉદ્દીન ખિલજીએ ચઢાઈ કરી. તે વખતે પાટણના રાજાએ ડભોડાના ગાઢ જંગલમાં કે જેનું નામ દેવગઢ હતું તેમાં આશ્રય લીધો. રાજાની ગાયો અને પશુધન ચરાવવા માટે ભરવાડો આ જંગલમાં આવતા હતા. તેમાંથી એક ટીલડી ગાય ગાયોના ટોળામાંથી છૂટી પડીને એક નિશ્ચિત જગ્યાએ ઊભી રહી નમન કરતી ભરવાડોએ જોઈ. ભરવાડોએ રાજાને વાત કરી. રાજાએ રાજ પુરોહિતને સલાહ મુજબ ત્યાં ખોદકામ કરાવ્યું તો અત્યારની જે મૂર્તિ છે તે મૂર્તિ સ્વયંભૂ રીતે મળી આવેલ. મોટો યજ્ઞ યોજવામાં આવ્યો અને મૂર્તિની સ્થાપના કરવામાં આવી, ત્યારબાદ ઉત્તરોત્તર લોકોની આસ્થાનું કેન્દ્ર એવું આ મંદિર રહેલું છે જેનો ક્રમશઃ વિકાસ થતો રહ્યો. હાલ પણ શનિવારે ખૂબ મોટા પ્રમાણમાં શ્રદ્ધાળુઓ આ મંદિરના દર્શનાર્થે આવે છે. સુખડીનો પ્રસાદ ધરાવી પોતાની આસ્થા માન્ય રાખે છે. આ મંદિર અમદાવાદથી પણ ૧૫ કિમી. અને ગાંધીનગરથી પણ ૧૫ કિમી અંતરે આવેલ છે.

શ્રાવણ માસમાં આ મંદિરની અચૂક મુલાકાત લેશો.

- તંત્રીશ્રી



# કેમ્પ હનુમાન, શાહીબાગ, અમદાવાદ

કેમ્પ હનુમાન મંદિર, શાહીબાગ એ અમદાવાદ ખાતે આવેલ સુપ્રસિધ્ધ હનુમાનજી મંદિર છે. ચમત્કારીક મંદિર તરીકે એની ગણના થાય છે. મિલિટરી છાવણીમાં આવેલું આ મંદિર શનિવારે અને મંગળવારે શ્રધ્ધાળુઓથી ભરેલું રહે છે.

મંદિરનો ઈતિહાસ અસ્પષ્ટ છે પણ મંદિરની સ્વયંભૂ મુર્તિ આશરે પાંચસો વરસ પૂર્વે અનેક સાધુઓની હાજરી વચ્ચે જમીનમાંથી પ્રગટ થઈ હતી. એ સમયથી આજ સુધી એમાં પ્રાણતેજ ખૂટ્યું નથી.

અનેક ચમત્કારો વચ્ચે મુખ્ય ચમત્કારોની વાત કરીએ તો એક અંગ્રેજ અમલદારને આ મંદિરનું સ્થાન અયોગ્ય લાગતા તોડી પાડવા મજુરો મોકલ્યા, સામે સાધુ સંતોએ અને શ્રધ્ધાળુઓએ વિરોધ કર્યો, એજ સમયે અનેક ભમરાઓના ઝૂંડો પ્રગટ થયા અને મંદિર તોડવા આવનારા મજુરોને જ કરડયાં, તરત પેલા અમલદારે તોડકામ અટકાવી દીધું અને મંદિરમાં મુર્તિ સમક્ષ માફી માંગી લીધી હતી. અન્ય એક દમનકારી અંગ્રેજ અમલદારને રોગ થકી હનુમાનદાદાએ એવો પરચો આપ્યો કે સવારે પાંચ વાગે મંદિર પાસે આવી બેસી ગયો.

એક અંગ્રેજ ઓફિસરને પણ આવો અનુભવ થયો હતો . કોઈ હિન્દુ નોકરે સંતાન માટે અંગ્રેજ પતિ-પત્નીને સંતાનની બાધા રાખવા માટે કહેતા પ્રભુકૃપાથી પુત્ર થતા તે બેન્ડ સાથે કેમ્પના હનુમાનજી મંદિરે દર્શન કરવા આવ્યા હતા. પુજારી શ્રી એ તેમને પ્રેરણાં આપતા શનિવારે પોલીસ બેન્ડ વગાડવાનો હુક્મ કર્યો હતો. જેનું પાલન આજદિન સુધી નિયમિત કરવામાં આવે છે.

એક વખત મંદિર ના પૂજારી/ મહંત અમદાવાદના બારે દરવાજાના ( વર્તમાનમાં પણ અમદાવાદ ના આ બારે દ્વાર લગભગ અંકબંધ છે ) સાધુઓને ભંડારો કરી જમવા તેડાવ્યાં. અષાઢ માસ હતો, વાદળો ઘેરાઈ આવ્યા. રસોડાની રસોઈ બહાર જગન્નાથ મંદિરના મહંતશ્રી બેઠા હતા તેમણે મંદિરના  વાદળો વરસી જશે તો આ રસોઈ બગડી જશે, સાધુઓ કાદવ-કીચડમાં બેસી શકશે નહી અને જમ્યા વગર જશે. વાયુપુત્ર શ્રી કેમ્પ હનુમાનજીને જઈને પ્રાર્થના કર તો વાદળો હટી જશે. શ્રી હનુમાન દાદાએ પ્રાર્થના સાંભળી, ચમત્કાર થયો, બધા વાદળો વિખેરાઈ ગયા અને જમણવાર પૂર્ણ થયા બાદ સાંજે ધોધમાર વરસાદ આવ્યો.

દર વર્ષે હનુમાન જયંતિના દિવસે શાહીબાગ મંદિરથી વાયુદેવતા ના મંદિર નારાયણનગર પાલડી વાસણા સુધી શોભાયાત્રા  યોજવામાં આવે છે.

જો અમદાવાદ રહેતા હોય કે અમદાવાદ કોઈ કામસર આવેલા હોવ તો આ મંદિરની અચૂક મૂલાકાત લેશો.

-અજ્ઞાત





# લાંભવેલ હનુમાન

સૌજન્ય : અદિતી પંડિત, આણંદ

આણંદ પાસે આવેલ લાંભવેલ હનુમાનજી મંદિર એક પુરાતન યાત્રા ધામ છે. આ મંદિરનો ઉત્પત્તિ અને મૂર્તિનું મહાત્મ્ય ખૂબ અનેરું છે, તેની આપણે વાત લઈએ.

**ઉત્પત્તિ :**

જે સ્થલની આપણે ઉપર વાત કરી ગયા તે સોળમા સૈકાની વાત છે. તે સ્થળની નજીકમાં લાંભુ નામનો એક ભરવાડ રહેતો હતો. તે ભરવાડ પોતાની સેંકડો ગાયો લઈને ચરામાં ચરાવવા જાય. લીલી લીલી ધરતી પર ગાયો ઘાસ ચરે અને લાંભુ આડો પડ્યો પડ્યો વાંસળી વગાડે કે ગીતો પણ ગાય, અને પોતાના દિવસો આનંદમાં વીતાવે. ગાયો ય ગેલ કરે, લાંભુના હાથ ચાટે, પૂંછડી અને કાન હલાવેને આનંદનું વાતાવરણ જમાવે.

એમાં એક ગાય ઘણી સુંદર અને છટાદાર, એ ગાય રોજ એક આંકડાના છોડ ઉપર ઊભી રહે. ચારેય આંચળમાંથી રૂ જેવા સફેદ દૂધની ધારા વહાવે ને ધણ ભેગી થઈને ઘેર જાય. તેથી લાંભુ ગાયોને દોહવા બેસે ત્યારે તે ગાય દૂધ ન આપે. લાંભુ નવાઈ પામ્યો ને ગભરાયો. એક દિવસ એણે ગાયને જરાય સુની ન મૂકી એના પાછળ ને પાછળ જ રહ્યો. ગાયનો લાગ ન ખાધો ને તે આકડા ઉપર દૂધની ધારા કરવા ન જઈ શકી. પણ રાત્રે વાડામાંથી છીંડું પાડીને એ બહાર નીકળી. લાંભુએ આ જોયું. એ ગાયની પાછળ ગાયો. ગાય પેલા આકડા ઉપર ચાર પગ પહોળા કરીને ઊભી રહીને ચાંદની જેવા સફેદ રંગની દૂધની ધારાઓ આંચળમાંથી પેલા આંકડા ઉપર પાડવા લાગી.





લાંભુને નવાઈને પાર ન રહ્યો. રાત્રે વિચારો કરતો તે સૂઈ ગયો. એને સ્વપ્ન આવ્યું. બીજે દિવસે નાહી-ધોઈને કોદાળી-પાવડો લઈને એ પેલા આંકડાના પવિત્ર છોડ આગળ ગયો. ખોદવાનું શરૂ કર્યું. અચાનક એક કાષ્ટને સપ્ન ટચકો વાગ્યો. હથિયાર-કોદાળીની ધાર ઉપર લાલ રંગ દેખાતાં જ ખોદનારને સ્વપ્નની વાત સાચી લાગી. જોયું તો લાલ રંગ લોહી જ હતું. ખોદવાનું બંધ કર્યું. પછીથી હાથ વડે સાચવીને ઊંડાણમાંથી ખોદતાં તે માટી દૂર કરતાં, સુંદર મૂર્તિ જણાઈ. આ મૂર્તિ તેજ લાંભુના શ્રી હનુમાન. આપણે તેમને શ્રી લાંભવેલ હનુમાન કહીએ છીએ અને એના નામ પરતી નજીકના ગામનું નામ લાંભવેલ પડ્યું એમ કહેવાય છે. જે જગ્યાએ સુંદર મૂર્તિ પ્રગટ થઈ તે જગ્યાએ હાલમાં નાનું શિવાલય છે.

**મૂર્તિનું માહાત્મ્ય :**

આ શ્રી હનુમાનની પ્રતિભાશાળી મૂર્તિની વાત આણંદ અને બાકરોલ ગામમાં થઈ. લોકોનાં ટોળેટોળાં એ જગ્યાએ દર્શનાર્થે ને કુતૂહલથી એકઠાં થવા લાગ્યાં. આણંદના લોકો વિચારે કે આપણી પાસેનું આ સ્થાન છે ને મૂર્તિ ચમત્કારિક દેખાય છે. માટે આપણે એ મૂર્તિને ગાડામાં મૂકી આણંદ લઈ જઈએ. બાકરોલના લોકો વિચારે કે આપણા ગામ પાસે છે ને મૂર્તિ ખૂબ જ સુંદર છે જેથી એ મૂર્તિને બાકરોલ લઈ જવાનો વિચાર કર્યો. બંનેય ગામ લોકો વચ્ચે હંસાતુસી ચાલી. ચમત્કાર એવો થયો કે એ મૂર્તિ ત્યાંથી જરાય ખસી જ નહીં ને ! છેવટે થાકી, કંટાળીને બંનેય પક્ષોએ સમાધાન કર્યું કે મૂર્તિ ભલે આ સ્થાને જ રહે. એથી એ મૂર્તિની યોગ્ય વિધિ અનુસાર શિખરબંધી મંદિર બાંધીને તેની પ્રાણપ્રતિષ્ઠા એ જગ્યાએ જ શાલિવાહન શાકે ૧૪૪૫ એટલે કે ઇ.સ. ૧૫૨૩ને વિક્રમ સંવત ૧૫૭૯ના શ્રાવણ સુદ ૭ના રોજ કરવામાં આવી. તે પહેલાંની મંદિરની છબી હજીએ મંદિરમાં મોજૂદ છે. આ મૂર્તિ પૂર્વોભિમુખી છે. મૂર્તિની જમણી બાજુએ શ્રી રામચંદ્રજી અને ડાબી બાજુએ શ્રી લક્ષ્મણજીની મૂર્તિ છે. શ્રી રામ-લક્ષ્મણને ખભે બસાડેલા છે એ મૂર્તિ આ મંદિરની સ્વયંભૂ શોભા છે. આ મૂર્તિ પર આંકડાનો હાર, શ્રીફલ, તેલ વગેરે યાત્રાળુઓ ચઢાવે છે. મૂર્તિ પર તેલનો અભિષેક સતત થયા કરે છે. આથી આ દેવનું પ્રાબલ્ય વિશેષ છે. શ્રદ્ધાપૂર્વક એમના આશ્રયે આવનારને મનવાંચ્છિત ફળ મળે છે.



# સદાશિવ

## આયુર્વેદિક ક્લિનીક

પંચકર્મ એન્ડ એક્યુપંચર સેન્ટર

**ડૉ. તરૂણ શુક્લ**
બી.એસ.એ.એમ.

**ડૉ. નિર્જર ટી. શુક્લ**
બી.એ.એમ.એસ., એફ.એ.જી.ઈ.
પીજી ડીપ્લોમા ઈન એક્યુપંકચર
પીજી સર્ટી ઈન પંચકર્મ

**શ્રીમા એન. શુક્લ**
એમ.એસ.સી. (1st Class)
બી.એ.એમ.એસ. (Cont.)

---

હાટડીયા બજાર, લુણાવાડા, જિ. મહીસાગર
સોમ થી શુક્ર સવારે ૯ થી ૧, સાંજે ૪ થી ૮, શનિ ૯ થી ૧


---


૫-બી, શ્રુતિ કુંજ સોસાયટી, વિભાગ-૧, ઈલાજ મેડીકલ સ્ટોરની બાજુમાં,
જુના રેલ્વે ક્રોસીંગની પાસે, મણિનગર પૂર્વ, અમદાવાદ.
બીજો અને ચોથો શનિ - રવિ સવારે ૧૧ થી સાંજે ૭

**Mobile : +91 99799 56633   94296 18855**

E-mail : shadashiv.ayurvedic.clinic@gmail.com
Website : www.shadashivayurvedic.in

**ઉપલબ્ધ સારવાર**







| | | | | | |
|---|---|---|---|---|---|
| વાળ અને ચામડીના રોગોની સારવાર | ચામડી લટકી પડવી (રીંકલ) માટેની એક્યુપંચરથી સારવાર | અલ્પ વિકસીત સ્તનના વિકાસ માટે અધતન મશીન દ્વારા સારવાર | ટાલમાં વાળ લાવવા માટેની સારવાર | વાળના ખોડાની સારવાર, ખરતા વાળ અટકાવવાની સારવાર | આયુર્વેદિક પંચકર્મ (વમન, વિરેચન, નસ્ય, બસ્તિ, રક્ત મોક્ષણ) |
| કોઈપણ આડઅસર વગર વજન ઘટાડવા માટેની ઉત્તમ સરાવાર | પ્રસુતિ પછી વધતા પેટ અટકાવવાની સારવાર | તમામ પ્રકારના જુના હઠિલા રોગોની ઉત્તમ આયુર્વેદિક સારવાર ઉપલબ્ધ | સાંધાના તથા કમરનાં દુખાવા માટે સારવાર | ઈચ્છિત સંતાન પ્રાપ્તિ માટે પુંસવનન કર્મ | સાંધાના તથા કમરનાં દુખાવા માટે સારવાર |

# મલેકપુર હનુમાન, મલેકપુર, લુણાવાડા

-તંત્રીશ્રી, રાજેશ પંડ્યા - રાજ

ગુજરાતમાં મહિસાગર જિલ્લામાં લુણાવાડા થી ૨૦ કિમી અંતરે કડાણા ડેમ જતા વચ્ચે મલેકપુર શ્રી હનુમાનજીનું જગ વિખ્યાત પ્રાચીન મંદિર આવેલું છે.

લગભગ ૪૫૦ વર્ષ પૂર્વે આ પવિત્ર જગ્યા મલેકપુરથી ૩ કિમી દૂર વાવો ગામ પાસેથી સ્વપ્નના આધારે મૂર્તિ નિકળી હતી. તેમાં હનુમાનજી તથા શંકર ભગવાન લિંગ સ્વરૂપે તથા ગણપતિ મહારાજ અને શીતળામાતા અને દ્વારપાળ સહિત ઉત્પત્તિ થઈ અને તેની સ્થાપના મલેકપુર ..... સાહેબના સાથ સહકારથી પ્રાણપ્રતિષ્ઠા કરવામાં આવી હતી.

કળિયુગમાં હાજરહજૂર બ્રહ્મ સ્વરૂપ અને કાળા પત્થરમાં હનુમાનજી બિરાજમાન છે. તેમનું સ્વરૂપ સૌમ્ય અને શાંતિ આપનાર છે. અહીં શ્રાવણ મહિનામાં જન્માષ્ટમી તથા શ્રાવણના છેલ્લો શનિવાર લોકમેળો ભરાય છે સાથે દર શનિવારે ભક્તોની ભારે ભીડ થાય છે. દરેક ભક્તો દાદાના દર્શન કરી આશીર્વાદ લઈ કૃતજ્ઞતા અનુભવે છે અને પોતાની મનોકામના પૂર્ણ કરે છે.

અહીં શનિવાર અથવા મંગળવાર ભરી દાદાની પ્રસાદી લઈ ભૂત પ્રેતની બાધા તથા શારીરિક દુઃખમાંથી ભક્તો મુક્તિ મેળવે છે. દાદાને તેલ, સિંદર, આંકાયાની માળા, શ્રીફળ, પ્રસાદ અને શ્રીફળના તોરણ ચઢાવી દાદાને રાજી કરી આશીર્વાદ પ્રાપ્ત કરે છે.

અહીં દર્શન આવનાર કથાકારો, સાધુ, સંતોના મત પ્રમાણે આવી મૂર્તિ માનવ સ્વરૂપે અને બ્રાહ્મણ સ્વરૂપે કાળા પત્થરમાં બનાવેલ અલૌકિક રૂપ વિશ્વમાં કોઈ જગ્યાએ નથી. હાલ મંદિરની પ્રતિષ્ઠા ચારે દિશાએ પ્રસરી રહેલ છે. મંદિરનો વિકાસ થઈ રહ્યો છે અને પ્રસિદ્ધ યાત્રાધામ તરીકે વિકાસી રહ્યું છે.

અહીંયા મંદિરની સેવાપૂજા કરતા સેવક કુટુંબ દાદાની મરજીથી સેવા પૂજા કરે છે અને પોતાના કુળદેવ



UDAAN SCHOOL
KOTHAMBA

"૨૦૧૭ થી શિસ્ત, નિયમિતતા અને
ગુણવત્તાયુક્ત શ્રેષ્ઠ શિક્ષણ અને સર્વોત્તમ
પરિણામ આપતી સંસ્થા એટલે ઉડાન સ્કૂલ"



# ઉડાન સ્કૂલ પરિવાર

## સમસ્ત શ્રીગૌડ સમાજને શુભકામનાઓ પાઠવે છે.

# શ્રી જયશ્રીબેન .પી. ઉપાધ્યાય












## સમસ્ત શ્રીગૌડ સમાજ ગુજરાત તરફથી જયશ્રીબેન પી. ઉપાધ્યાયને ખૂબ ખૂબ અભિનંદન.

જયશ્રીબેન પી. ઉપાધ્યાય

મો.: ૭૯૮૪૮૯૬૩૦૨


ટ્રસ્ટી, ઉપપ્રમુખ : સિનિયર સીટીજન કલબ કૃષ્ણનગર અમદાવાદ

મંત્રી : શ્રી મારૂતી વનવાસી સેવા સંસ્થાન

સંયોજક : પૂર્ણકાલીન કાર્યકાર્તા - શ્રી મારૂતી આશ્રમ ચઢવાણ (દક્ષિણ ગુજરાત)

પ્રવૃતિ : બાલ સંસ્કાર કેન્દ્ર સંચાલન, સત્સંગ, સુંદરકાંડ,

અભિનવ ફલેટ, બાલકૃષ્ણનગર, અમદાવાદ.



સમસ્ત શ્રીગૌડ સમાજ ગુજરાતને તેમની
ઉત્કૃષ્ઠ કાર્ય સેવા બદલ
હાર્દિક અભિનંદન.

-આશિષભાઈ પાઠક (વડોદરા)

# સિદ્ધિ-સોપાન

**શ્રી બંધુઓએ મેળવેલ સિદ્ધિઓ બદલ**
**સમસ્ત શ્રીગૌડ સમાજ ગુજરાત સૌને ખૂબ ખૂબ અભિનંદન પાઠવે છે.**



શ્રી ભાવેશકુમાર ચંદ્રકાન્તભાઈ પાઠક, મીકેનીકલ એન્જિનિયરિંગમાં Design and Development of Combusion Chamber Geometry for using Bio-diesel as a Fuel in IC Engine વિષયમાં પીએચ.ડી.ની પદવી હાંસલ કરી છે. અભિનંદન.



---

ડૉ. કિન્તલ ડી વ્યાસ [PT] જે મારી દીકરી બીરવા ધર્મેશભાઈ (એડવોકેટ એન્ડ નોટરી) ની સુપુત્રી નરોડા, અમદાવાદ ખાતે રહે છે .જેઓએ ફિઝિયોથૅરાપિસ્ટ ડૉક્ટર ની ડિગ્રી ફર્સ્ટકલાસ સાથે પાસ થઈ ને બ્રહ્મ સમાજ નું ગૌરવ વધાર્યુ છે.

અભિનંદન.



---



This is a major milestone and we are so proud of your accomplishment. Many Many Congratulations on earning your docotorate !

Your dedication and hard work truly paid off

**Dr. Kaustubh Dave.**

પંકજ ભાનુપ્રસાદ દવેના સુપુત્ર કૌસ્તુભ પંકજભાઈ દવેએ Doctor of Pharmacy પુર્ણ કર્યુ છે.અભિનંદન.

---

લુણાવાડા ના વતની શ્રીગૌડ સમાજ ના શ્રી રમેશભાઇ લક્ષ્મીશંકર ઉપાધ્યાય ના દોહિત્ર યુગ સુનિલભાઇ ઉપાધ્યાય હોમિયોપેથ M D છે અને હાલ આણંદ ખાતે પુનર્વસુ ક્લિનિક ધરાવે છે. માત્ર ૨૪ વર્ષ ની નાની ઉંમરમાં યુગ નો સંશોધનાત્મક લેખ, નેશનલ જનરલ ઑફ હોમિયોપેથી માં છપાયો.

આ સિધ્ધી બદલ ડૉ. યુગ ને ખુબ અભિનંદન.








તંત્રીશ્રી રાજેશભાઈ પંડ્યા - રાજની દીકરી ખુશી રાજેશભાઈ પંડ્યાએ માસ્ટર ઓફ સાયન્સ ઈન લાઈફ સાયન્સીસની ડિગ્રી ૮૦% સાથે અમદાવાદ યુનિવર્સિટી માંથી પ્રાપ્ત કરેલ છે. અભિનંદન.




આપણા સમાજના સ્વ. સનતભાઈ ઘનશ્યામભાઈ પુરોહિત- તથા કિન્નરી બેન (એડ્વોકેટ) પીપળજ ( સુરત) ના સુપુત્ર ચિ. નિસર્ગ (શ્રી કનુભાઈ રેવાશંકર ચતુર્વેદી - દેથલી - બારડોલી ના ભાણેજ) જેમણે એલ એમ ફાર્મા કૉલેજ અમદાવાદ માથી ગ્રેજયુએટ ફાર્મસી એપ્ટીટ્યુટ ટેસ્ટ અખીલ ભારતીય રેન્ક - ૧૭૪૮ થી ક્વોલીફાય કરેલ છે. અને સમાજનું ગૌરવ વધારેલ છે. અમો તેમને સમાજ તરફ થી અભિનંદન આપીએ છીએ અને આ ક્ષેત્રમાં ઉચ્ચ સફળતા મેળવો તેવી મહાલક્ષ્મી માતાજી ને પ્રાર્થના કરીએ છીએ.

- પ્રમુખ શ્રી કમલેશ કુમાર જોષી તથા મંત્રી શ્રી વસંતભાઈ ત્રિવેદી.



Shree DIGISH DAVE, has been awarded CERTIFICATE OF COMPLETION... "YOGAAHAR [YOGA-BASED DIET AND NUTRITION] conducted by LAKULISH YOGA UNIVERSITY, AMDAVAD. We experienced his learnings, feed-back and resulted in better health condition for all our family members including reduced weight.

अमारी पुत्री वंशिका पाठकએ

અમારી પુત્રી વંશિકા પાઠકએ સરકારશ્રી દ્વારા લેવાયેલ gyansadhana સ્કોલરશીપ પરીક્ષા પાસ કરીને સમગ્ર ગુજરાત રાજ્યમાં પરીક્ષા આપેલ આશરે કુલ 5 લાખ વિદ્યાર્થીઓમાંથી ક્વોલિફાઇ થયેલ ફક્ત 0.6% વિદ્યાર્થીઓના મેરિટમાં તેનો સમાવેશ થયેલ છે, જેમાં તે શાળામાં પણ પ્રથમ આવેલ છે, જેનાથી હવે તેને ધોરણ 9, 10, 11 તથા 12 માં સરકારશ્રી દ્વારા નિર્ધારિત શિષ્યવૃત્તિ પ્રાપ્ત થશે. અભિનંદન.





**ઉપાધ્યાય સૃષ્ટિ હેમંતકુમાર**

ધોરણ - ૧૦માં ૩૯૮/૬૦૦ માર્ક સાથે ઉત્તિર્ણ થયેલ છે.

ખૂબ ખૂબ અભિનંદન.

**પુરોહિત દિયા નિશાંતકુમાર**

ધોરણ - ૧૦માં ૪૨૪/૬૦૦ માર્ક સાથે ઉત્તિર્ણ થયેલ છે.

ખૂબ ખૂબ અભિનંદન.





**દવે વૈષ્ણવી તારકભાઈ**

ધોરણ - ૧૦માં ૪૫૫/૬૦૦ માર્ક સાથે ઉત્તિર્ણ થયેલ છે.

ખૂબ ખૂબ અભિનંદન.

**દવે ઝીલ જીગરકુમાર**

ધોરણ - ૧૦માં ૫૦૮/૬૦૦ માર્ક સાથે ઉત્તિર્ણ થયેલ છે.

ખૂબ ખૂબ અભિનંદન.





**શુક્લ વૃષ્ટી ગુંજનભાઈ**

ધોરણ - ૧૦માં ૫૧૭/૬૦૦ માર્ક સાથે ઉત્તિર્ણ થયેલ છે.

ખૂબ ખૂબ અભિનંદન.



**જોષી હેત વિજયભાઈ**

ધોરણ - ૧૦માં ૫૫૪/૬૦૦ માર્ક સાથે ઉત્તિર્ણ થયેલ છે.

ખૂબ ખૂબ અભિનંદન.

**જોષી હીર બ્રિજેશકુમાર**

ધોરણ - ૧૦માં એ-૨ ગ્રેડ સાથે ઉત્તિર્ણ થયેલ છે.

ખૂબ ખૂબ અભિનંદન.





**શુક્લ બિલવા ઋષિકુમાર**

ધોરણ - ૧૦માં ૫૦૯/૬૦૦ માર્ક સાથે ઉત્તિર્ણ થયેલ છે.

ખૂબ ખૂબ અભિનંદન.

**ઉપાધ્યાય વેદાંશી નીરવકુમાર**

ધોરણ - ૧૦માં ૫૨૪/૬૦૦ માર્ક સાથે ઉત્તિર્ણ થયેલ છે.

ખૂબ ખૂબ અભિનંદન.





**જોષી સૌમ્ય સુહાગભાઈ**

ધોરણ - ૧૦માં ૪૮૧/૬૦૦માર્ક સાથે ઉત્તિર્ણ થયેલ છે.

ખૂબ ખૂબ અભિનંદન.



**શુક્લ ખુશી જીગરભાઈ**

ધોરણ - ૧૦માં ICSC બોર્ડમાં જવલંત સફળતા સાથે ઉત્તિર્ણ થયા છે.

ખૂબ ખૂબ અભિનંદન.

**ઉપાધ્યાય પ્રિત વિપુલચંદ્ર**

ધોરણ - ૧૦ માં બોર્ડમાં જવલંત સફળતા સાથે ઉત્તિર્ણ થયા છે.

ખૂબ ખૂબ અભિનંદન.





**ઉપાધ્યાય પ્રેમ વિપુલચંદ્ર**

ધોરણ - ૧૦ માં બોર્ડમાં જવલંત સફળતા સાથે ઉત્તિર્ણ થયા છે.

ખૂબ ખૂબ અભિનંદન.

**પાઠક હીર સ્વપનેશભાઈ**

ધોરણ - ૧૨ (સાયન્સ) માં ૫૪૨/૬૫૦ માર્ક સાથે ઉત્તિર્ણ થયેલ છે.

ખૂબ ખૂબ અભિનંદન.





**પંડ્યા હેત ચિરાગભાઈ**

ધોરણ - ૧૨ માં CBSC Board A1 Gread સાથે ઉત્તિર્ણ થયેલ છે.

ખૂબ ખૂબ અભિનંદન.



**દવે પ્રથિત શંકરભાઈ**

ધોરણ - ૧૨ (સાયન્સ-બી ગ્રુપ) માં એ-૨ ગ્રેડ સાથે ઉત્તિર્ણ થયેલ છે.

ખૂબ ખૂબ અભિનંદન.

**દવે ધ્રીશ દેવાંગભાઈ**

ધોરણ - ૧૨ (સાયન્સ-એ ગ્રુપ) માં ૭૨% માર્ક સાથે ઉત્તિર્ણ થયેલ છે.

ખૂબ ખૂબ અભિનંદન.





**વ્યાસ શ્રેયા ધર્મેન્દ્રભાઈ**

ધોરણ - ૧૨ માં ૭૭% માર્ક સાથે ઉત્તિર્ણ થયેલ છે.

ખૂબ ખૂબ અભિનંદન.

**પાઠક વંશ હર્ષિતભાઈ**

ધોરણ - ૧૨ (સાયન્સ) માં ૫૯૩/૬૫૦ માર્ક સાથે ઉત્તિર્ણ થયેલ છે.

ખૂબ ખૂબ અભિનંદન.





**દવે પલ ચિરાગભાઈ**

ધોરણ - ૧૨ (સાયન્સ) માં CBSE Board ૭૯.૨૦% સાથે ઉત્તિર્ણ થયેલ છે.

ખૂબ ખૂબ અભિનંદન.



**ચિ. નચિકેત**

ધોરણ - ૧૨ (સાયન્સ) CBSE Board માં 91 % સાથે ઉત્તિર્ણ થયેલ છે.
તેમના JEE Main 96.75 PR આવેલ છે.
ખૂબ ખૂબ અભિનંદન.

**પર્વ મહેશભાઈ જોશી**

ધોરણ - ૧૨ (કોમર્સ) માં જવલંત સફળતા સાથે ઉત્તિર્ણ થયા છે.
ખૂબ ખૂબ અભિનંદન.



**શુક્લ જૈની જીગ્નેશભાઈ**

ધોરણ - ૧૦ માં CBSC Board ૯૬% માર્ક સાથે ઉત્તિર્ણ થયેલ છે.
ખૂબ ખૂબ અભિનંદન.

**દવે મૈત્રી જીગરભાઈ**

ધોરણ - ૧૦માં ૫૨૪/૬૦૦ માર્ક સાથે ઉત્તિર્ણ થયેલ છે.
ખૂબ ખૂબ અભિનંદન.

**પાઠક દિયા ઘનશ્યામભાઈ**

ધોરણ - ૧૦માં ૪૦૭/૬૦૦ માર્ક સાથે ઉત્તિર્ણ થયેલ છે.
ખૂબ ખૂબ અભિનંદન.



શુક્લ જાહ્નવી જીગ્નેશકુમાર

ધોરણ - ૧૨ (સાયન્સ) માં CBSE Board ઉત્તિર્ણ થયેલ છે.

ખૂબ ખૂબ અભિનંદન.

ભટ્ટ ભર્ગ મહેશકુમાર -લુણાવાડા

ગુજરાત યુનિવર્સિટી,ભવન્સ કોલેજ, અમદાવાદ થી

B. Com પૂર્ણ કરેલ છે





**દવે શિવાંશી જીતેનકુમાર**

GATE Score 737 સાથે ઉત્તિર્ણ થયેલ છે.

ખૂબ ખૂબ અભિનંદન.

**દવે જન્મેય ધર્મેશકુમાર,**

ઠાસરા નિવાસી મિત્તલ ડી. દવેના પુત્ર,

ધોરણ - ૧૦ માં ૮૯.૯૦% સાથે ઉત્તીરણ થયેલ છે.

ખૂબ ખૂબ અભિનંદન.


EMERALD
DEVELOPERS

KAMLESH PATHAK
Managing Director

info@emeralddevelopers.in

105, 1st Floor, Emerald House,
Choice Restaurant Lane,
Nr. Swastik Cross Road, CG Road,
Navrangpura, Ahmedabad - 9, Gujarat, INDIA.

TROPICAL SOLAR ENERGY



Working to safeguard India's energy future

101 Emerald, Opp Hotel Crown, CG Road, Ahmedabad, Gujarat, India 380009.
www.tropicalsolar.in | Email: info@tropicalsolar.in | Contact: +91 9428510372

# જનની

-ધ્રુવ જોશી, વડોદરા



ચૈતન્યના વાત્સલ્ય ગુણનું પ્રગટીકરણ એટલે જનની, મા-માતા, મા કરૂણોમૂર્તિ હોવાથી તેના શિતળ છાંયડે પોષણ, ક્રિડા અને ક્ષમા પણ મળે. મા જગતને ઉત્તમ સંતાન આપવાની મહેચ્છા ધરાવતી હોય છે અને તેથી જ ક્યારે ગુસ્સે પણ થાય, બાળકને સુધારવા અને રક્ષા કરવા અને તેથી જ મા ફૂલથી કોમળ હોય છે તે વ્રજથી કઠોર પણ બને એ આપણે સંસ્કૃતિમાં સાત માતા - જનની ગણવામાં આવે છે.

आदौ माता गुरोः पत्नी ब्राह्मणी
राजपत्निका गावी धात्री तथा पृथ्वी
सप्तेता मातरः स्मृता

આદિ જગત જનની ઉપરાંત ગાય, પૃથ્વી, દૂધ આપનાર, રાજમાતા, બ્રાહ્મણ પત્નિ, પત્ની

અનેક મહાપુરુષો, સાધુ, સંત , ૠષીઓ એ જગતજનનીને અનેક સ્વરૂપ આરાધ્યા છે અને સિદ્ધ થયા છે. જ્ઞાનનો હિમાલય આદિગુરુ, શંકરાચાર્ય રચિત એક સ્તુતિનો શ્લોકનો એખ અંશ જનનીનું સમગ્ર સ્વરૂપ મૂર્તિમંત કરે છે.

आपत्सु महा, स्मरणं त्वदियं
करोमी दूर्गे करुणार्णवेषि....
क्षुधा तृषार्ता जननी स्मरन्ति ॥

જ્યારે બાળક ભૂખ્યુ, તરસ્યુ, ગંદુ થાય. મુશ્કેલીમાં મુકાઈ જાય ત્યારે કોને સર્વપ્રથમ યાદ કરે છે ? મા ને. બાળક સહેજ રડે પોકારે કે અવાજ કરે તો મા તેને તરત જ ઉપાડી લે છે અને માતાના વહાલના વાઈબ્રેશન તો જુઓ કાંઈ કર્યા વગર જ બાળકનું અર્ધુ દરદ શાંત થઈ જાય છે. સંસારમાં પ્રત્યેક પ્રાણીને પોતાના બચ્ચા પર કુદરતી રીતે જ વાત્સલ્ય હોય પરંતુ ભગવાને માણસને એક વિશેષ આશીર્વાદ આપ્યા છે તે એટલે કે વાત્સલ્યનું આજીવન ભાવ અને જ્ઞાન ! અને એટલે જ દિકરો વડાપ્રધાન થયો હોય તો પણ મા તેના હાથે બનાવેલો શુકનનો કંસાર ખવડાવે અને રૂ. ૧૦૧ આપે અને કહે વાપરજે. તકલીફ ના વેઠતો ! શું ભવ્ય પરાકાષ્ટા છે જનનીના વાત્સલ્યની !

અમે ભાંડુઓ આવા ભાવજીવનની શિતળ છાયામાં ઉછર્યા છે, પાંગર્યા છે, અમારા માતા હિરાબાના હ્રદયની કુમાશ, કારૂણ્ય અને વાત્સલ્ય આજે પણ અમારા રોમેરોમમાં અનુભવાય છે. એક પ્રસંગ સ્મૃતિપટ પર ક્યારેય ઝાંખો થતો નથી. જનની મનુષ્ય હોય કે અંત્ય યોનીની વાત્સલ્યના સંવેદનો એટલાં જ અને એક સરખા હોય. અમારી ઘરની ગાયમાતાનું એક વાછરડું જ્યારે મરી ગયું ત્યારે ગાયમાતાની આંખમાંથી અનરાધાર વહેતી આંસુધારા ! ભાંભરી ભાંભ રીતે તે વત્સને ઉઠાડતી હતી અને સામે થોડા અંતરે જ ચોકમાં મારી માં હિરાબા વત્સ્ય પ્રયાણનો વજ્રાઘાત સહન ન કરી શકી, તેણી બેભાન થઈ ગઈ અને ડૉક્ટર બોલાવવા પડ્યા હતા. કવિ શ્રી બોટાદકરની કાવ્ય પંક્તિ :

ધરણી માતાએ હશે ધ્રૂજતી રે લોલ
અચળા અચૂક એક માય જો
જનનીની જોડ સરખી નહીં મળે રે લોલ..

અમારા જ પરિવારનું એક ભાવ ચિત્ર મારાશ્રી કવિ ઉશનસ્ તેમના કાવ્ય વળાવી બા આવી માં આ લેખ્યું છે. અમારા ....... બામાસી (નાની) સાવલી સ્થિત વૈધવ્ય વેઠતાં પણ વેકેશનના માનસીક સહારો. વેકેશનની કાગડોળે રાહ જોતા નાનીના ઘરે એક પછી એક પુત્ર, પુત્રવધૂઓ, પૌત્ર, પૌત્રીઓ, દોહિત્રો વિ.વિ. આવે અને ઘર ભર્યું ભાદર્યું થઈ જાય. સ્વર્ગીય વાતાવરણ જામે અને વેકેશન પૂરુ થતાં એક પછી એક સંતાનો વિદાય લે ત્યારની બાની મનઃસ્થિતિના

વર્ણનની પંક્તિ તેના અંતરનું ભાવવિશ્વ પ્રગટ કરે છે.

વળાવી બા આવી નિજ સકલ સંતાન ક્રમશ :

ગૃહવ્યાપી જોયો વિરહ પડી બેસી, પગથિયે.

કઠણ કાળજુ રાખી આંસુ રોકી રાખવાની શક્તિ ધરાવતી જનની તેના સંતાનોની વિદાય ખમવાની અશક્તિ કેવી શક્તિ અને કેટલી કુમાશ ! બા છેલ્લે વળાવીને ઓટલે ફસડાઈ પડે છે ! જનનીનું વર્ણન કવિ શ્રી બોટાદકરના કાવ્યમાં અદ્‌ભૂત રીતે ટપકે છે.

પ્રભુના એ પ્રેમતણી પૂતળી રે લોલ

આથી જુદેરી એની જાત જો

જનની જો જોડ સખી નહીં જડે રે લોલ.

જનનીને શબ્દ અને કલમથી કઈ આ લેખી શકાય ! એ તો તદપિ તવગુણાનામ્ ઈશ પારં ન યાતી જેવું છે. છતાંય ભાવજીવનને પુષ્ટ કરતા, હૃદયની સંવેદનામાં સુગંધી ઉમેરતા કેટલાય પ્રસંગો, પાત્રો આપણી ચોમેર પ્રત્યક્ષ અને પુસ્તક રૂપે જોવા મળે છે. જનનીને સ્મરણ પુષ્પ અર્પણ કરતા હોય ત્યારે સાહિત્યકાર શ્રી ઈશ્વર પેટલીકરની લોહીની સગાઈ નવલકથામાં આવતુ મંગુનું પાત્ર અને અમરતકાકી સ્મૃતિ પટલ પર તરી જ આવે. અમરતકાકી એટલે જાણે કારૂણ્ય અને વાત્સલ્યનું માનવિધ પ્રગટીકરણ !

પોતાની અબુધ (દિવ્યાંગ) દિકરી મંગુને માનસિક રોગના દવાખાનામાં મૂકવા માટે સ્વજનો સમજાવે ત્યારે અમરતકાકી કહે ... હું મા થઈને ચાકરી ન કરી શકું તો દવાખાનાવાળાને શી લાગણી હોય ! ખોડા ઢોરને પાંજરાપોળમાં મૂક આવવા જેવું જ એ કહેવાય.

વરસે ઘડીક વ્યોમવાદળી રે લોલ

માડીનો મેઘ બારે માસ જો,

જનનીની જોડ સખી નહિં મળે રે લોલ (નહિં)

ધરતી પણ આપણી જનની છે. આપણને પાળે પોષે અને રક્ષે છે. પ્રભુ રામચંદ્રએ તેવી જ લંકા વિજય પછી લક્ષ્મણજીને કહ્યું હતું

...જનની જન્મભૂમિશ્ચ સ્ર્વગદપી ગરીયસી જનની અને જન્મ ભૂમિ શ્રેષ્ઠ છે. સ્વર્ગથી પણ તેનું સ્થાન ઉંચું છે.

અરે, દિવાલ પિકચરમાં અમિતાભ બચ્ચન અને શશિકપૂરનો શાશ્વત સંવાદ છે

અમિતાભની અપાર સંપત્તિના વર્ણનના જવાબમાં શશિકપૂર જવાબ આપે છે, અત્યંત ટૂંકા અને અત્યંત ઊંચો !!

... મેરે પાસ માં હૈ, બસ અમિતાભ ચૂપ. ટૂંકમાં જનની આપણા માટે જગદંબાનું જીવંત સ્વરૂપ છે.

આપણા આદિગુરુ શંકરાચાર્યનું પુનઃસ્મરણ થઈ જાય છે કારણ માતૃમહિમા તેમના જેવો ભાગ્યે જ કોઈ મંડિત કરી શક્યું હશે. તેઓ શિવનો અવતાર છતાં પણ કહે છે

.... ન મોક્ષસ્યાકાક્ષા જનની જનનં યાતુ મમવે

મા મારે મોક્ષ નથી જોઈતો તારી કૂખે વારંવાર જનમવું છે.

અંતમાં દેવિસૂક્તની એક પંક્તિ જનનીનું સર્વ્યાપક નિરૂપણ કરે છે

યા દેવી સર્વ ભૂતેષુ, માતૃ રપેણ સંસ્થિતા

નમઃ તસ્યં નમઃ તસ્ય નમઃ તસ્યૈ નમો નમ :

અંતમાં માને પ્રાર્થીને વિરમું છું.

અપરાધ પરંપરા વ્રતમ્ નહિ માતા સમુપેક્ષતે સુતમ।



તંત્રીશ્રી,
રાજેશ પંડ્યા "રાજ"
અમદાવાદ

આકાશમાં વીજળીના તેજ લિસોટા વચ્ચે વાદળોની ગર્જના વાતાવરણને વધારે વરસાદી બનાવતું હતું. રાણક એટલા મોટા બંગલામાં ડ્રોઈંગ રૂમની વચ્ચે સોફામાં બેસીને વિચારોએ ચઢી હતી.

એક ઈન્સ્ટાગ્રામ મેસેજ અને એણે સહેજ હસીને થોડા જવાબ આપ્યા, નથી એ વ્યક્તિને રૂબરૂ જોયો, નથી ફોન ઉપર વાત કરી માત્ર એક સહેજ ટાઈમ પાસ હેતુથી મેસેજ કર્યા એમાં પતિ કુન્દન આટલું બધું કરશે એવી એને ખબર જ નહોતી.ભુલ એની શું હતી ? ઓફિસમાં કામ કરતી છોકરીઓ તો બોસ સાથે ટુરમાં પણ જતી હોય છે આ તો સહેજ ચેટ જ કરી હતી....

બહાર વરસાદનું તાંડવ અનૈ ભીતર પતિ કુન્દને અમેરિકાથી આવી અને ડાયવોર્સ આપવાની આપેલી ધમકીના વિચારોએ એનો ચેહરો રડમસ બનાવી દીધો હતો.

અચાનક ડોરબેલ વાગ્યો. તે પરાણે ઊભી થઈ, દરવાજો ખોલતા મોટી નણંદ ભાવના ઊભી હતી. ગાડીમાંથી ઊતરીને બારણા સુધી આવતા થોડી ભીંજાઈ ગઈ હતી. રાણક તો ભાવનાને જોતાં બાથ ભીડી દીધી. ધ્રુસકે ને ધ્રુસકે રડતી રડતી જમીન પર ફસડાઈ પડી.

ભાવનાએ તેને ઉઠાડી, ફરી દરવાજા સુધી પહોંચીને ઈશારો કર્યો, થોડીવારમાં કુન્દન ઊતરીને અંદર આવ્યો.

ભાવના બોલી," કુન્દન, પપ્પાના વહેમીલા સ્વભાવ કારણે એ મમ્મી સાથે બે વરસ સુધી ઝઘડા કરી કરી છેલ્લે આત્મહત્યા કરી લીધી હતી. મમ્મી આજીવન પછી મૂંગી જ બની ગઈ હતી, છેલ્લે હાર્ટ એટેકમાં અવસાન પામી હતી. તારે આ દોષને પુનરાવર્તિત કરવો છે? આ હીરો-હીરોઈનો જુઓ. એવું વ્યક્તિત્વ તો રાણકનું નથીને. આ જમાનામાં વહેમ રાખવા વાળો સતત કેટલો હેરાન થાય એ તને ખબર છે?

રાણક કેટલું રડી હશે એ એની આંખો કહી આપે છે. તારે છૂટાછેડા લેવા હોય તો હું તને સાથ નહિ આપું."

કુન્દન બોલ્યા વગર ભાવનાને જોઈ રહ્યો. થોડીવાર પછી એણે રાણકનો હાથ પોતાના હાથમાં લઈ લીધો. ભાવના દીવાલ પર રહેલા પપ્પા અને મમ્મીના થોડા દુર રહેલા ફોટાઓને અનિમેષ નજરે જોતી રહી. રાણક ફરીવાર ભાવનાને બાઝી પડી. બહાર વરસાદની રમઝટ અને રાણકને હવે એ મનથી ગમવા લાગી હતી.

રાજેશ પંડ્યા - રાજ

---



22/3/25 ના રોજ તંત્રી શ્રી ઉપપ્રમુખ છે તે કલરવ ટ્રસ્ટનું કવિ સંમેલન અમદાવાદમાં ચાંદખેડા ખાતે યોજાયું હતું. તંત્રી શ્રી મુખ્ય મહેમાન તરીકે હાજર રહ્યા હતાં.



સર્વે શ્રીગૌડ શ્રીબંધુઓને અમિતભાઈ જોશીના
જય મહાલક્ષ્મી.

૨૫ વર્ષ જૂના અને જાણીતા







# જોષી ચશ્માવાલા
## & કોન્ટેક લેન્સ ક્લિનીક

**નંબરના ચશ્મા, ગોગલ્સ અને**
**કોન્ટેકટ લેન્સ મેળવવાનું એકમાત્ર સ્થળ**

૧૪, શ્યામ ગોલ્ડ સિનેમા કોમ્પલેક્ષ,
બારેજા, તા. દસ્ક્રોઈ, જિ. અમદાવાદ.
મો. ૮૨૩૮૮૧૧૫૯૧

# "કંકુ ચાંદલો"



હા...આમતો કંકુ ચાંદલો પૂજાનું પ્રતીક મનાય છે..પણ તે ધર્મ સંપ્રદાયક કે કપાળની શોભા સાથે બુદ્ધિ પૂજાનું પ્રતીક ગણાય. ઈશ્વરની પૂજા કર્યા પછી માનવીની બુધ્ધિનું નિવાસસ્થાન એવા મસ્તકનું ચાંદલા દ્વારા પૂજન તેની તેજસ્વીતાને વધારે છે.

ભારતીય સંસ્કૃતિ માં કોઈ શુભ પ્રસંગે અથવા કોઈ વ્યક્તિ બહારગામ,યાત્રાએ કે વિદેશ જવાની હોય ત્યારે પહેલા તેને ચાંદલો કરવામાં આવે છે. તેમા એજ ભાવ સમજાવે છે કે તારું દરેક પગલું વિચારીને ભરજે, બુધ્ધિ સ્થિર રાખી તારી તેજસ્વીતા સાથે હૃદયના શુધ્ધ ભાવનું પુષ્પ ખીલેલું રાખી પ્રમાણિકતાની મ્હેંક પ્રસરાવજે.

રક્ષાબંધન વખતે બહેન ભાઈને પહેલા કપાળે ચાંદલો કરે છે તેમાં પણ સુંદર ભાવ રહેલો હોય છે કે ભાઈ તારી યશકીર્તિ ચોમેર ફેલાવી જગતની દરેક સ્ત્રી જાતિને ભગિનીના ભાવથી જોવાની હૃદયંગમ થી સૂચન કરે છે.ભારતીય સંસ્કૃતિ માં ચાંદલો એ સ્ત્રીના સૌભાગ્યનું પ્રતિક છે.જેમ નદી સાગરમાં ભળી જાય તેમ લગ્ન પછી સ્ત્રી પોતાના જીવનને પતિના જીવનમાં ભેળવી દે છે. પતિના નામનો ચાંદલો પતિના અખંડિતતાનું સૂચન પોતાના કપાળ પરથી સમજાવે છે. ચાંદલો ભૂંસાય પછી સ્ત્રી ગમે તેટલા શણગાર કરે પણ ચાંદલા વગર તેની શોભા અધુરી જ લાગે.વળી ચાંદલો આસ્તિકતાનું પ્રતિક છે.

સાચો ભક્ત પોતાના ભગવાનના નામનો ચાંદલો કરી ઈશ્વરની નીકટતા અનુભવે છે. ભાલે તિલક કરી નામ રટણથી ઈશ્વર માં તન્મય થઈ જાય તે ભક્તને ભગવાન સદાય સહાય કરે છે.

"ચહેરાની સુંદરતા એટલે કંકુ ચાંદલો"

ભારતી ઉપાધ્યાય
વડોદરા

---

## જનની

એ જન્મ આપે એ જનની એને જનની કહે માં કહે આઈ કહે... પણ એ શબ્દમા માં બોલતા જ એમાં સમસ્ત બ્રહ્માંડના સમાયાનાં અનુભવ થાય.

એક માં બાળકને જન્મ આપતાં પહેલાં જ માં બની જાય છે. એની કૂખે બાળક ઉછરે અને એના હૈયે બાળક માટેનાં સપનાં ઉછરે. એ માં જ હોય કે બાળક ગાંડુ ઘેલું જેવું પણ હોય એને અઢળક પ્રેમ આપે.

બાળક મોટો થયાં પછી એનું અપમાન કરે કે ઘરમાંથી તરછોડી દે તો પણ એના હૈયે અને હોઠે બાળક માટે અગણિત દુઆઓ જ નીકળે.

કદાચ ભગવાનને પણ માંનો પ્રેમ જ સૌથી મહાન લાગ્યો હસે, કે એ બ્રહ્મા, વિષ્ણુ, મહેશ પણ માં અનસૂયાના બાળક થયા અને એ પ્રેમ પામ્યા.

માની કોઈ સરખામણી ન કરી શકે માટે જ જનની ની જોડ ક્યાંય ન મળી છે ન મળશે.

-યામિની ત્રિવેદી

ISO 9001 : 2015 CERTIFIED

# Donald Kids

Nursery, Junior KG, Senior KG

(English, ગુજરાતી Medium)





**Managing Committee**

- Mrs. Smita Joshi
- Mrs. Bhagyashree Joshi

Opp. Yash Complex, Nr. Pushpam Society,
Opp. Shivam Party Plot, Gotri, Vadodara.

# MALHAAR
SPORTS ACADEMY

**CRICKET**
**FOOTBALL**
**TENNIS**
**BADMINTON**

- *Coaching*
- *Box Cricket*
- *Corporate Booking*
- *Tournaments*

**PROPRIETOR : BHAUMIK JOSHI**

C/o. Shivam Party Plot
Opp. Shree Vidhyamandir Vidhyalaya, Gotri, Vadodara

# SHIVAM PARTY PLOT







**Proprietor : BHAUMIK JOSHI**

## SHIVAM PARTY PLOT, GOTRI, VADODARA

**ISO 9001 : 2015 CERTIFIED**

# Shree Vidhyamandir Vidhyalaya

Std. 1 to 12 (Comm) (English, ગુજરાતી Medium)








**Trustee Names**

- Mr. Pradeep Joshi
- Mr. Bhaumik Joshi

## જાગરણ

આંખ થી આંખ ના કૈ અજબ મેળવણ હશે,
રાતભર એટલે તો મધુર જાગરણ હશે.
વાંસળી જાદુઈ જો વગાડે કહાન જી,
સાંજ ટાણે વળે સામટા ધેનુ ધણ હશે.
ભક્તિ રસ ની કટોરી જરા ચાખ તો ખરો,
આંખ પર ના બધાં તૂટતાં આવરણ હશે.
રણ વચાળે તરસ ભૂખ જો મારશે તને,
અન્ન જળ લૈ ઉભો તાત, એ મેકરણ હશે.
પાંદડા પણ નથી હાલતાં એની કૃપા વગર,
કો મદદ જો મળે જાણજે, શીવ ગણ હશે.



**રાજેન્દ્ર પાઠક, વડોદરા**



કેટલી વફાદાર છે તારી યાદો,
ઉમરભર સાથ નિભાવી રહી છે.
સમય બદલાય કે બદલાય મોસમ ,
એ તો આંખોમાં એવી સમાઈ ગઈ છે .
ક્યારેક હસાવે કે રડાવે ક્યારેક એ ,
સપનામાં પણ દસ્તક આપી રહી છે .
કેમ કહું મનની વ્યથા મારી હું કોઈને ,
સહારો બનીને જીવનમાં એ વહી રહી છે.

દક્ષેશ જોષી, વડોદરા

અંતરના દરવાજેથી અનંતના ગહને એક છબી તારી જનની,

સ્નેહ,ત્યાગ, વાત્સલ્ય, નિરંતર પ્રેમ,
પ્રેરણા, તરફદારી રૂપી એક છબી તારી જનની,

તારા હાથોનો સ્પર્શ માત્ર વિશ્વાસ જગવે,
કાળજાનો કટકો ગણવતી એક છબી તારી જનની,


ચિંતા થકી બાળ પાછળ દોડતી,
સાચી દિશાએ વાળતી એક છબી તારી જનની,

સહનશીલતાની એક મિશાલ સમી,
હેતાળ હ્રદયે સદા પસવારતી એક છબી તારી જનની,
સમય થપાટે છોરૂ કછોરૂ થાય પણ,
માવતર કદાપિ કમાવતાર ન થાય એ તુ જનની.



**તન્વી શુક્લ, અમદાવાદ**

---



**ડો. બિરેન પાઠક, ઘોઘંબા**

આજે સુભગ સંયોગ છે;
63 માં જન્મ ને 63 મુ સોનેટ
નાનપણનું કુતુહલ;
મોટો થૈ ને કલેકટર;
અધિક કલેક્ટર તો;
થયો ;જોયું 71 નું યુદ્ધ;
કારગીલને સિંદૂર તો;
જાણે નજર સામે યુદ્ધ;
વીજળી વગરની રાતો;
આજે બધે ઝળા હળા છે;
જેમ્સ વેબ થી જોયું છે;
બ્રહ્માંડ અનંત અગાધ;
મંગળને ચંદ્ર ઉપર;
વિશ્વ વિજયી ભારત.

## મોસાળ

ઉનાળે મોસાળે,
ન કોઈ રોક ,ન કોઈ ટોક
ન કોઈ મેણા, ન કોઈ ટોણા
નિખાલસ છે, માહોલ સતત
વહાલ થી ભરેલા ઓરડા માં,
થાય રમકડાના પથારા,
થતી કેળવણી, દાદા નાં
કિસ્સાઓ ને વાર્તાઓ થકી
બાળ સેના બની સહાયક,
આંનંદ ઉત્સાહ થી મથતા
નીત -નવીન પ્રયોગો કરતા
દાદી જમાડે પરંપરાગત વાનગી
મામી બનાવે નીત -નવીન રેસિપી
મામા કરે ઓર્ડર વાનગી ને
બહાર નાં ચટાકા કરાવતા!
મેળે ને રીસોર્ટે ફરવા લઈ જતા!
મનગમતા ઉપહાર લાવતા,
ધીંગા, મસ્તી તોફાન કરાવતા
સૌ કોઈ બનતા ઢાલ અહીં!
મમ્મીને મળે હરદમ શાતા
ને પપ્પાને સદાય માન -પાન!
હસતા મુખે ,આવકારે
અમને સૌ હંમેશા....
એટલે જ, હર ઉનાળે મોસાળે
હાલો... હાલો... મોસાળે



**માલિની જોષી પાઠક, વડોદરા**

## મેહુલો

આવ્યો માસ અષાઢ મેઘ ગરજે, સુસ્વાગતં મેહુલા!
આકાશે ઘન ગાજતા જળ ભરી યામિની ત્યાં ચંમકે,
અંતે મૂશળધાર શું વરસિયો સિન્ધુ ઉફાને ચઢી,
સુકી ભંઠ સમી ધરા પર લીલી છાઇ રૂડી ચાદર.

કિસાને કૃષિ આદરી વૃષભને જોડી હળે હર્ષેથી,
વાવ્યાં ધાન અનેક ખેતર વિષે પાકે ભરે કોથળા.
તારા વિણ પડે દુકાળ જગમાં, ભૂખ્યાં મરે પ્રાણીઓ
શાણો થૌ સમધાત તું વરસજે, પામે ઘણા આશિષો.

શેરીનાં ભૂલકાં રમે જળ મહીં હોડી લઈ હર્ષથી,
શામા આશકી પૂર્ણ મોસમ મહીં ઝંખે પતિ સંગમાં,
આલિંગી વરસાવ પ્રેમ દિલથી સંતુષ્ટ હો કામિની .
મેહુલો વરસ્યો લીલા લહર થૈ, ટહૌકી ઉઠ્યો મોરલો.

આવો મેધ ઉદાર ઉન્નત વળી ઉત્સાહને પ્રેરતો,
જીવોના જીવ હાથ જોડી નમું હું પ્રેમે વસુધા પતિ.



**ધ્રુવ જોષી, વડોદરા**

# મમ્મી – એક શ્વાસ જે કદી અટકે નહી



ક્રિષ્ના શુક્લ
'સુવાસ' (આણંદ)

તું નથી, પણ દરેક સમય તારી વાત કરે,
તારો  એ સ્મિત મઢ્યો ચહેરો આજે પણ ઊંઘ ભંગ કરે.
તું બોલે ત્યારે નહીં, પણ હવે
ઘંટડીના ઘોંઘાટમાં, રસોડાની સુગંધમાં,
મને તું સંભળાય છે...

તું એક પ્રેરણા હતી, શબ્દો વગરની શિક્ષિકા,
તું હતી તો ઘર હોતું મંદિર જેવું –
જ્યાં તારો પાલવ મને છાંયો આપતો અને મસ્તક પરનો હાથ,
મને વિશ્વાસ આપતો: "હું છું, દીકરી..."

તું મારી ભીતર ઉગેલી મૌન સંવેદના છે,
તું એ હિંમત છે, જે આજેય મારા મનમસ્તિકને
જુસ્સો આપે છે આવેલ પરિસ્થિતિનો સામનો કરવા
તું ગયા પછી હું નાની રહી નહિ,
કે અંદરથી ભાંગી  પણ નથી,
ઊભી છું અડીખમ ને મજબૂત.
જાણું છું નિયતિનો કઠોર અને અફર પ્રકોપ
ને તેમ છતાં એક ઈચ્છા તો સદાય રહેશે જ
 કે એક વાર ફરી તું આવતી,
અને પૂછતી, "બેટી, ખાધું કે નહિ?"

પણ હવે...
તું નથી, પણ તું છે –
મારી લેખની શાહી બની,
મારી આંખમાં આશીર્વાદ બની,
મારી શ્વાસમાં સ્ત્રીત્વનું સ્મારક બની.

# બૂંદો વચ્ચે હું

છાંયાઓ રમે વરસાદની નીચે,
છુપાયેલી વાતો ખિસ્સામાં લઈને.
અહિયાં શાંત છે બધું દેખાતું,
પણ અંદર કંઈક મૌન વહેતું.

બૂંદો બોલે ભાષા અનોખી,
એની પાસે કોઈ કલમ નહીં, પણ વાતો ઘણી.
દરેક છમછમ કંઈક કહી જાય,
સાંભળે એ જ જેના હ્રદયમાં વાતો સમાય.

એક વરસેલો રસ્તો યાદ અપાવે,
જ્યાં મારી છાંયાં પણ મારી સાથે ચાલે.
એ ના કહે કશું, પણ બધું કહી જાય,
જેમ વરસાદમાં કોઈ પાંજરું ખુલી જાય

~ ભવ્યા ડી શુક્લ

મારા કલરવ ગુજરાતી સાહિત્ય ગ્રૂપ અને ટ્રસ્ટ દ્વારા આયોજિત કલવર મેગા સ્પર્ધા ૨૦૨૫માં માત્ર ૧૪ વર્ષની ઉંમરે આ દિકરી ભવ્યા શુક્લે ભાગ લીધો હતો, જે શ્રીગૌડ જ્ઞાતિ માટે અભિનંદન ને પાત્ર ગણાય.

- તંત્રીશ્રી, રાજેશભાઈ પંડ્યા - રાજ


Certificate
of Appreciation
કલરવ
( ગુજરાતી સાહિત્ય ગૃપ )
ભવ્યા શુક્લ 'ભવ્યા'
કલરવ ચેરિટેબલ ટ્રસ્ટ દ્વારા આયોજિત મેગા સ્પર્ધા - ૨૦૨૫ માં ભાગ લેવા બદલ રચનાના સર્જકને સન્માનિત કરતા હરખની લાગણી અનુભવી રહ્યા છીએ
શુભેચ્છક: તોફાની તાંડવ અખબાર
કલરવ ચેરિટેબલ ટ્રસ્ટ
પ્રમુખ : પ્રણવ ઝાંખર કોષાધ્યક્ષ : શીલા પટેલ
ઉપપ્રમુખ : રાજેશ પંડ્યા , મંત્રી: નીતેશ પ્રજાપતિ
તારીખ:૨૯/૦૬/૨૦૨૫












નિશાંત અજયભાઈ ક્ષોત્રિય, સુરત



માલાબેન પાઠક






ખુશી રાજેશ પંડ્યા





સોનલબેન જોગેનકુમાર શુક્લ
વિરપુર તાલુકામાં સૌથી વધુ
મત મેળવી ભવ્ય વિજય.
વોર્ડ નં. ૧૧
ખૂબ ખૂભ અભિનંદન.

શ્રીમતી જૈમિની બેન મહેન્દ્ર ભાઈ પુરોહિત ને
કોસીન્દ્રા ગ્રામ પંચાયત ની ચૂંટણી માં બિનહરીફ
વિજેતા તથા કોસીન્દ્રા ગ્રામ પંચાયત ના સદસ્ય
થવા બદલ ખૂબ ખૂબ અભિનંદન. આપણા
શ્રીગૌડ સમાજ નું ગૌરવ છે.




**વર્ષ ૨૦૨૫, અમદાવાદમાં યોજાયેલ શ્રી જગન્નાથ યાત્રામાં
TV13 પર સુંદર લાઈવ કવરેજ આપેલ છે.
ડૉ. પ્રિતિ દવે જાહેર જીવનમાં ખૂબ જ સરસ ફરજ બજાવે છે. અભિનંદન.**









મહારાષ્ટ્રમાં પાલઘર જિલ્લામાં દહાણુ પાસે શ્રી મહાલક્ષ્મી માતાના બે પ્રસિદ્ધ અને પૌરાણિક મંદિરો આવેલા છે. જેમાંનું એક મંદિર ખૂબ જ ઊંચાઈએ પાવાગઢ જેવા ડુંગર પર આવેલ છે. રસ્તો અને પગથિયાં ખૂબ જ વિકટ છે. આ બંને મંદિર ના દર્શન અને યાત્રા તાજેતરમાં કવિશ્રી ધ્રુવભાઈ જોશી, ડૉ .સમીર જોશી અને શ્રી ભગવતભાઈ પાઠકે કરેલ હતી. માતાજીના આદેશ અને કૃપાથી આ અઘરી યાત્રા નિર્વિઘ્ન પૂર્ણ કરેલ. આ રમણીય અને દર્શનીય યાત્રાધામ દહાણુ રેલવે સ્ટેશન થી ૨૬ કીમી. દૂર આવેલ છે

**સમસ્ત શ્રીગૌડ સમાજ, ગુજરાત**

**!!જય મહાલક્ષ્મી!!**

મહાલક્ષ્મી મંદિર, કાલોલ ખાતે મૂળ સાવલીના વતની હાલ અમદાવાદ નિવાસી શ્રી રમાકાન્ત જયશંકર પંડ્યા અને શ્રી સુશીલાબેન રમાકાન્ત પંડ્યા તરફથી નવચંડી યજ્ઞનું આયોજન કરવામાં આવ્યું હતું. અનેક જ્ઞાતિજનોએ આ ધાર્મિક પ્રસંગનો લાભ લીધો હતો. સાંજે પુર્ણાહુતિ બાદ સૌ ભોજન પ્રસાદી લઈ છૂટાં પડ્યાં હતાં.





# " મારો સમાજ મારો પરિવાર, મારો સમાજ મારૂં ગૌરવ "

આદરણીય "શ્રી" બંધુઓ,

"સંઘ શક્તિ કલૌ યુગે". વર્તમાન સમયમાં સંગઠન એ જ શક્તિ બળ છે. સમસ્ત શ્રીગૌડ સમાજ- ગુજરાત આ સંસ્થાની ૧૯૬૧માં સ્થાપના કરવામાં આવી. સમસ્ત શ્રીગૌડ સમાજ- ગુજરાત ( રજી. નં. એ/૩૩૫૨/અમદાવાદ) સંસ્થાના દેશ વિદેશમાં અને ગુજરાત રાજ્યમાં વસતા ગુજરાત રાજ્યના વતની તમામ પ્રકારના શ્રીગૌડ બ્રાહ્મણ જ્ઞાતિના પુખ્ત ઉંમરના એટલે કે ૧૮ વર્ષ પુરા થયા હોય તેવા કોઈપણ પુરુષ અગર સ્ત્રી આ સંસ્થાના સભ્ય થઈ શકે છે.

સભ્યપદની ફી - સમાજની સીંગલ વ્યક્તિ રૂ. ૫૦૧/- અને એન.આર.આઈ. સભ્ય રૂ. ૩૦૦૧/- રકમ આપી પોતાની હયાતી સુધી આજીવન સભ્ય થઈ શકે છે. સભ્ય ફી સમાજના બેંક ખાતામાં જમા કરાવી શકાય છે.

સમાજના બેંક ખાતાની વિગતો નીચે આપેલ છે.

નામ - સમસ્ત શ્રીગૌડ સમાજ, ગુજરાત, એકાઉન્ટ નં. - 30121839092

બેંક - સ્ટેટ બેન્ક ઓફ ઈન્ડિયા. બ્રાન્ચ - પ્રગતિનગર (08053)

આઈ. એફ.એસ. કોડ - SBIN0008053

સભ્ય ફી બેંકમાં ભરીને તેની વિગતો અને સભ્યએ પોતાનું પૂરું નામ, પક્ષનું નામ, પીનકોડ સાથે પૂરું સરનામું અને મોબાઈલ નંબર શ્રી પ્રવિણભાઇ પુરોહિત, ખજાનચી (9824358297-M)ને પહોંચ બનાવવા મોકલી આપવાનું રહેશે.

સમસ્ત શ્રીગૌડ સમાજ- ગુજરાતના આજીવન સભ્ય બનવા અને કુટુંબના ૧૮ વર્ષ પૂરા કર્યા હોય તેવા દરેક સભ્યોને આજીવન સભ્ય બનાવવા સર્વે "શ્રી બંધુઓ" ને વિનંતી છે.

આભાર.

મંત્રી , યોગેશ શુક્લ, (9824058799)



25/5/2025 ના રોજ અમદાવાદ હોટેલ રિવેરા ખાતે કલરવ ગુજરાતી સાહિત્ય ગૃપ અને ટ્રસ્ટ જેમાં તંત્રીશ્રી પોતે ઉપપ્રમુખ છે, તેનું મેગા કવિ સંમેલન અલગ અલગ છ કેટેગરીમાં યોજાયું હતું. જેમાં ૫૪ ટ્રોફીઓ એનાયત કરવામાં આવી હતી. અતિથિ વિશેષ સાહિત્ય કાર કિશોર જીકાદરાને કલરવ ટ્રોફી અર્પણ કરતાં ડાબેથી તંત્રી શ્રી રાજેશ પંડ્યા " રાજ ". જે શ્રીગૌડ જાગૃતિના તંત્રી છે.

## આરોગ્યમ મલ્ટી સ્પેશ્યાલીસ્ટી હોસ્પિટલ




અમદાવાદમાં મધ્યભાગમાં મલ્ટી સ્પેશ્યાલીસ્ટી હોસ્પિટલ આરોગ્યમ ચલાવતા ડૉ. કેતન શુકલ અને ડૉ. રિદ્ધી શુકલ પથરી, પ્રોસ્ટેટ, ઈન્ફર્ટીલીટી, યુરોગાયનેકોલોજી, પેડ્રીટાટ્રીક અને યુરોલોજી જેવા રોગોમાં નિષ્ણાત છે. ગાયનેકોલોજી ડૉ. રિદ્ધી શુકલ સ્ટર્લિંગ હોસ્પિટલમાં પણ સેવા આપે છે. તેઓ વધુ જોખમી ગર્ભ અને એચ.આઈ.વી.ની સારવારમાં ખૂબ નિષ્ણાત મનાય છે. તેમની હોસ્પિટલ આરોગ્યમમાં અત્યાધુનિક સાધનો અને ઓપરેશન થીયેટર છે. ફોઈટલ મોનીટરિંગ માટે એ.સી. લેબર રૂમ અને ૧૦ પથારીના સ્પેશ્યલ, સેમી સ્પે. અને ડીલક્સ રૂમની પણ સુવિધા છે.

યુરિનરી ઈન્કનિટિનેન્સી તકલીફો કે જેમાં મહિલાઓને સતત પેશાબ ટપકતો રહે છે અને ક્ષોત્ર જનક સ્થિતિમાં મુકાય છે. આરોગ્યમ હોસ્પિટલના સંચાલક ડૉ. કેતન શુકલ અને ડૉ. રિદ્ધિ શુકલ આ તકલીફને સરળતાથી દૂર કરે છે. પથરીની લીથોટ્રીપ્સી દ્વારા દર્દીના ઘર આંગણે સારવાર આપવા માટેની મોબાઈલ લીથોટ્રીપ્સી વાન બનાવનાર અને દર્દીને ઘર આંગણે ટ્રીટમેન્ટ આપનાર કદાચ તેઓ ગુજરાતમાં પ્રથમ છે.

આરોગ્ય મલ્ટી સ્પેશ્યાલીટી હોસ્પિટલમાં કન્જીનિટલ ખામીઓ માટે અત્યાદુનિક સાધનોથી સારવાર કરવામાં આવે છે. જો બાળપણથી જ આ ખામી રહેલી હોય તો આધુનિક ટેક્નિકથી એની સારવાર કરાય છે. આ હોસ્પિટલમાં નેફરેક્ટોમી, પીલોપ્લાસ્ટી, એડ્રિનાલેક્ટોય, રેડિયલ નેફરેક્ટોય, રેડિયલ સિસ્ટોપ્રોસ્ટેક્ટોમી જેવી સર્જરી માટે હાઈટેક અને અત્યાધુનિક લેપ્રોસ્કોપી યુરોલોજી સર્જરી માટે સાધનોથી સુસજ્જ છે.

---

## ખુશીનું વૈદું

૧) ગૌમૂત્ર રસ જો નિયમિત 3ml નરણે કોઠે લેવામાં આવે તો ઈમ્યુનીટી સાથે અનેક અસાધ્ય રોગ વ્યક્તિથી દુર રહે છે.

૨) પપૈયું કોઈપણ રીતે વ્યક્તિને વિટામીન A થી શરૂ કરી અને પોષકતત્ત્વો પૂરા પાડે છે. કબજિયાત દુર કરે છે.

૩) તજ ઈ. કોલી બેક્ટેરિયા કે જે મૂત્રમાર્ગમાં ચેપ લગાડી અનેક તકલીફો આપે છે તેને મારવા સક્ષમ છે. તજનો ફાંટ પીવાથી અનેક રોગથી બચી જવાય છે.

૪) આદું હંમેશા વિપાકે મધુર બને છે. કુદરતી સ્ટીરોઈડ છે. આદુનો રસ અંદર થોડા લીંબુના ટીપાં નાંખી સવારે પીવાથી ગેસની સમસ્યાથી લગભગ છૂટકારો મળે છે.

૫) લોહી એસિડિક બને એટલે અનેક સમસ્યાઓનો જન્મ થાય. કોઢ સુધી પણ તકલીફો થાય. લોહીને કાયમ 7.2 ph એટલે બેઈઝ તરીકે જ જાળવી રાખવા જવારા રસ ઉત્તમ કાર્ય કરે છે. ગળો સત હંમેશા સારું ફળ આપે છે.

૬) મોં માં હિમજ ટુંકડો રાખવો એ ક સારું ફળ આપશે. કબજિયાત દુર થશે.

૭) હળદર- આંબળા ચુર્ણ શરીર માં અનેક ફાયદા કરી આપે છે. ડાયાબિટીસ અંકુશમાં રહે છે.

૮) સફરજનનો રસ શરીરને મજબૂત બનાવી, અનેક વિટામીન, મિનરલ્સ ની પૂર્તિ કરે છે.

૯) રાતે સૂતા પહેલાં ગંઠોડા -ગોળ-ઘી નો ઉકાળો અનિંદ્રા ના રોગી માટે અમૃત સમાન ગણાય છે.

૧૦) ગાયનું ઘી, દુધ, છાશ કીડની અને હ્યદય માટે શ્રેષ્ઠ ટોનિકની ગરજ સારે છે.

# મહિલા ઉડાન પાંખ

સમાજની બહેનોને એકત્રિત કરવાનો અને સૌ સાથે ચાલીએ એ આશય સાથે કરેલો પ્રયાસ. દરેક સ્ત્રી ઉડાન ભરવા ઇચ્છતી હોય છે. એની અસ્તિત્વની ક્યારી તેને ખૂબ પ્રિય હોય છે. પોતાના અસ્તિત્વને, આવડતને, કલાને, સુસુપ્ત ઇચ્છાઓને બહાર લાવીને તેને નિખારવા એક મંચની જરૂર પડે છે. દરેક જન્મજાત કલાકાર હોય છે. દરેક પાસે કોઈને કોઈ કલા હોય છે. બસ પોતાની કલાને સ્ત્રીઓ નિખારી શકે એટલે મહિલા ઉડાન પાંખ લઈને આવશે વિવિધ પ્રોગ્રામો.

સમાજની બહેનો જે જોડાઈ નથી તે જોડાઈ શકે છે. નીચે આપેલા નંબર પર વ્હોટ્સ અપ મેસેજ કરીને તમારું નામ ગ્રુપમાં એડ કરાવી દો.

- અમી શુક્લ... 99250 13272, કૃપા પાઠક.... 95376 52452, ગાયત્રી શુક્લ...98985 81276




૩/૫/૨૦૨૫ ના રોજ સિંધુ ભવન રોડ ઉપર આવેલા ઝાંખી જ્વેલર્સમાં સમાજની બહેનો મળી હતી. ઝાંખી જ્વેલર્સ દ્વારા મ્યુઝિકલ હાઉસી રમાડી હતી. તેમાં પાંચ બહેનો વિજેતા બની હતી. તેમના તરફથી ગિફ્ટ આપવામાં આવી હતી. બહેનોએ ત્યાં ગરબા રમી ખૂબ મસ્તીની મજા માણી હતી. નાસ્તો કર્યા પછી બધાએ ફરી ફરી મળતાં રહીશું કહીને વિદાય લીધી હતી. અવિસ્મરણીય પળો હંમેશા યાદ રહેતી હોય છે તેમાંની આ મ્યુઝિકલ હાઉસી હતી.



આપણા શ્રીગૌડ બંધુ ચેતનભાઈ શુકલની કૃતિ ઠંડે કલેજે ભૂપત વડોદિયા લઘુનવલ સ્પર્ધા જે અભિયાન સાપ્તાહિક દ્વારા આયોજન કરાયું હતું. કુલ ૪૭ નવલકથાઓ વચ્ચે શ્રી ચેતન શુક્લની કૃતિ સ્પર્ધામાં તૃતીય ક્રમે વિજેતા થઈ છે. અભિનંદન.

## અનુદાન

રૂ.51000/- (રૂ.એકાવન હજાર) શ્રી પ્રફુલ્લચન્દ્ર હરીશંકર પુરોહિત (ખજાનચી શ્રી પ્રવીણભાઈ પુરોહિત ના cousin) મૂળ વતન: પેટલાદ. હાલ USA.તરફથી સમાજને જીવન નિર્વાહ અન્નસહાય યોજના તથા શિક્ષણ સહાય માટે અનુદાન મળેલ છે. સમાજ વતી તેમનો ખૂબ ખૂબ આભાર

## શ્રીગૌડ સાડત્રીસ સમાજ - દાતાશ્રી ઓનો ખુબ ખુબ આભાર
## અન્નપૂર્ણા વિતરણ નું કામ પુર્ણ થઈ ગયું છે

શ્રીગૌડ સાડત્રીસ સમાજ દ્વારા સમાજ ના જરૂરિયાત મંદ પરિવાર ને સતત ૧૦ વર્ષથી અન્નપુર્ણા કીટ નું વિતરણ કરવામાં આવી રહ્યું છે.

સ્વ.શાન્તાબેન ભાઈલાલભાઈ જોષી અન્નપૂર્ણા સહાય યોજના દ્વારા ૨૦૨૫ માં ચાલુ વર્ષે સમાજ દ્વારા ૨૫ પરિવાર ને દાતાશ્રી ઓના સહયોગ થી અન્નપૂર્ણા સહાય ની કીટ તેમના ઘરે મોકલી આપવા માં આવેલ છે. (એક કીટ ની કિંમત ૧૩૦૦૦/- ની મર્યાદા માં છે)

આ અન્નપુર્ણા કીટ માં દાન આપનાર દાતાશ્રી તથા કીટ તૈયાર કરી પરિવાર ને ઘરે મોકલવામાં સહકાર આપનાર સૌ સભ્યો નો સમાજ આભાર માને છે.

અન્નદાન એ મહાદાન છે આ યોજના માટે સમાજ ના સભ્યો તરફથી દાન પ્રાપ્ત થયું છે

(૧) ૧૩૦૦૦/- સ્વ.આરવી વલય રાજગોર, ભરતભાઈ જી. રાજગોર ની પૌત્રી, કેનેડા
(૨) ૧૩૦૦૦/-સ્વ.પ્રફુલચંન્દ રમણલાલ પંડ્યા, હસ્તે- અક્ષયકુમાર પ્રફુલચંન્દ્ પંડ્યા
(૩)૧૩૦૦૦/-શ્રી શિરિષભાઈ જશવંતલાલ દવે, હસ્તે શ્રી ભારદ્વાજભાઈ જે દવે
(૪)૧૩૦૦૦-સ્વ.ભગવતીબેન પ્રદ્યુમ્નભાઈજોષી, સ્મરણાર્થે હસ્તે હૃદય પ્રશાંત જોષી, યુ.કે
(૫)૧૩૦૦૦-સ્વ.ગજેન્દ્રપ્રસાદ વિશ્વનાથ જોષી, સ્મરણાર્થે હ. અ.સૌ. ચૈતાલી હૃદય જોષી, યુ.કે
(૬) ૧૩૦૦૦/- સમાજ ના વિદેશમાં રહેતા જ્ઞાની બંધુ તરફથી
(૭) ૧૩૦૦૦/- મિહિરભાઈ ભારદ્વાજભાઈ દવે, ઓસ્ટ્રેલિયા
(૮) ૧૩૦૦૦/-સ્વ બિજેન્દ્રભાઈ બી.પંડયા અને સ્વ.કલ્પનાબેન બી પંડ્યા ના સ્મરણાર્થે હસ્તે. તૃષ્ણાલ બી.પંડ્યા, કેનેડા
(૯) ૧૩૦૦૦/- સ્વ.ભાલચંદ્ર ચિમનલાલ પંડિત ના સ્મરણાર્થે હસ્તે. ગૌરાંગ બી.પંડિત
(૧૦) ૧૩૦૦૦ /- સમાજ ના એક બેન તરફથી
(૧૧)૨૬૦૦૦/સમાજનાએક જ્ઞાતિબંધુ તરફથી
(૧૨)૧૩૦૦૦/-સ્વ કૃષ્ણપ્રસાદ જોષી ના સ્મરર્ણાથે હસ્તે નડિયાદ થી અશ્વિનભાઈ કે.જોષી તથા મીનાબેન એ.જોષી
(૧૩)૧૩૦૦૦/-અનિલભાઈ ચિમનલાલ દિક્ષિત, વડોદરા
(૧૪)૧૩૦૦૦/- લત્તાબેન જગદીશચંદ્ર જોષી, નડિયાદ
(૧૫)૧૩૦૦૦/-સ્વ અનિલકુમાર અંબાલાલ પાઠક ના સ્મરર્ણાથે હસ્તે. ભૂપેન્દ્રભાઈ તથા નયનેષભાઈ પાઠક
(૧૬)૧૩૦૦૦/- સ્વ રજનીકાંત મણિલાલ દવે સ્વ.પ્રફુલબાળા રજનીકાંત દવે ના સ્મરણોથે હસ્તે. નિશિતાબેન નિલકુમાર ભટ્ટ
(૧૭)૧૩૫૦૧/-સ્વ રમેશચંદ્ર અને સ્વ જ્યોત્સનાબેન સ્મરણાર્થે હસ્તે - જૈનિલ કુંજલકુમાર પંડિત - યુરોપ
(૧૮)૧૧૦૦૦/- હરિશભાઈ રમણભાઈ પંડ્યા, વડોદરા
(૧૯)૧૩૦૦૦/-એકતાબેન દિપકકુમાર વ્યાસ, સ્વ.કમલેશભાઈ એમ.પંડ્યા ની દીકરી .દ્ધ

સમાજ ના સૌ સભ્યો નો ખુબ ખુબ આભાર

**વિભાકરભાઈ જે.વ્યાસ (પ્રમુખ), જીજ્ઞેશ બી.પંડિત (મહામંત્રી), મહેશભાઈ આર પંડ્યા (ઉપ પ્રમુખ/કન્વીનર)**

ગણેશપુરા ના પ્રાઈમ લોકેશનમાં પ્લોટ અને વિલાના માલિક બનો...



# રિદ્ધિ સિદ્ધિ રેસીડેન્સી

**NA NOC - TITLE CLEAR**

**ફુલ પેમેન્ટ કરનારને સ્પેશીયલ ડિસ્કાઉન્ટ ઓફરનો લાભ મળશે.**

**દસ્તાવેજ ખર્ચ, ડેવલપમેન્ટ ખર્ચ અને સરકારી લીગલ ખર્ચા પ્લોટ મેન્ટેનન્સ ચાર્જ અલગથી ભરવાના રહેશે.**

## : વિશેષતાઓ :

- 500 મીટર ના અંતરે રેલ્વે સ્ટેશન
- 500 મીટર ના અંતરે ગણેશપુરા મંદિર
- 10 મિનિટ ના અંતરે બગોદરા વટામણ 6 લેન હાઈવે
- 10 મિનિટ ના અંતરે અરણેજ બુટ ભવાની માતાનું મંદિર
- 5 મિનિટ ના અંતરે સંભવિત મેટ્રો સ્ટેશન
- 15 મિનિટ ના અંતરે ગવર્મેન્ટ ડિકલેર વર્લ્ડ હેરિટેજ (હડપ્પા સંસ્કૃતિ)
- 40 મિનિટ ના અંતરે ગવર્મેન્ટ ડિકલેર ધોલેરા ઈન્ટરનેશનલ એરપોર્ટ
- 13 મિનિટ ના અંતરે બગોદરા જે ભાવનગર, રાજકોટ, સુરેન્દ્રનગર ને જોડતા ધોરીમાર્ગ છે.
- 13 મિનિટ ના અંતરે બગોદરા, વટામણ
- 6 મિનિટ ના અંતરે ગવર્મેન્ટ ડિકલેર ગાંગડ GIDC

**કુદરતી અને અધ્યાત્મિક પ્રાકૃતિક વાતાવરણના સાનિધ્ય માં (પ્લોટ અને વિલા) ના માલિક બનો.**








**લોકેશન - કોઠ ગણેશપુરા રોડ, મોજે ગણેશપુરા કોઠ, તા. ધોળકા, જી. અમદાવાદ**


શ્રી રાધે ક્રિષ્ના રેસીડેન્સીયલ
શ્રી રાધે ક્રિષ્ના
રેસીડેન્સિયલ
2 BHK & 3.5 BHK DUPLEX
BOOKING OPEN
નૈસર્ગિક વાતાવરણમાં સંપૂર્ણ સુવિધા સાથે વસાવો,
પોતાની પ્રોપર્ટી માત્ર ૭૫ બંગલોઝ ની સોસાયટી
ફ્લેટ ના ભાવ માં બંગલોઝ
વિશેષતા:-
ડાકોર રણછોડરાયજી મંદિરથી માત્ર ૧૨ કી.મી ના અંતરે.
ડાકોર-કપડવંજ ૪ લેન હાઈવેથી માત્ર ૫૦૦ મીટરનાં અંતરે.
જલારામ મંદિર માત્ર ૧.૫ કી.મીના અંતરે.
૬ લેન ઈન્દોર હાઈવેથી માત્ર ૫ કી.મીના અંતર
ફાગવેલ ભાથાજી મંદિર માત્ર ૧૨ કી.મી ના અંતરે.
ગળતેશ્વર મહાદેવ મંદિર માત્ર ૨૪ કી.મીના અંતરે
અમદાવાદથી માત્ર ૬૫ કી.મી ના અંતરે
હોટલ આર્શીવાદ ૧ કી.મી ના અંતરે,
હોટલ તુલસી ૨ કી.મી ના અંતરે.
મહાવીર ઈન્ડસ્ટ્રીયલ પાર્ક
એન.એ
એન.ઓ.સી
ટાઈટલ ક્લિયર
કુદરતી સૌદર્યના
સાનિધ્યમાં આપના
સપનાનું ઘર
બનાવો.
ચેતરસુંબા પાટીયા, લાડવેલ ચોકડી થી ૪ કીમી ડાકોર - કપડવંજ હાઈવે પર
9924212061 6351999538





## શ્રી બસો સમસ્ત શ્રીગૌડ મંડળ,વડોદરા

શ્રી બસો સમસ્ત શ્રીગૌડ મંડળ,વડોદરાની કારોબારીની સભા તા- 15/6/2025ને રવિવારે સ્વામી વિવેકાનંદ વિધ્યાલય, કારેલીબાગ,વડોદરા ખાતે મળી હતી.જેમાં વર્ષ 2025-26 તથા વર્ષ 2026-27 માટેના નવા હોદ્દેદારોની સર્વાનુમતે વરણી કરવામાં આવી હતી.

પ્રમુખ- આશિષ પાઠક, ઉપપ્રમુખ- મહેશ જોશી, મંત્રી- જતીન ઉપાધ્યાય, સહમંત્રી- મહેન્દ્રભાઇ જોશી, ખજાનચી- મનીષ જોશી, સહખજાનચી- પંકજ ઉપાધ્યાય

આ ઉપરાંત મહિલા પાંખ-' સખી વૃંદ'ની રચના કરવામાં આવી. જેના કન્વીનર તરીકે શ્રીમતી આરતીબેન પંડયા તથા અન્ય મહિલા કારોબારી સભ્યો- શ્રીમતી હિના ઉપાધ્યાય, શ્રીમતી શૈલજા દવે, શ્રીમતિ હિતાર્થી વ્યાસની નિમણુંક કરવામાં આવી હતી. નવા હોદ્દેદારોને સૌ સભ્યોએ અભિનંદન પાઠવ્યા હતા.





## શ્રી શ્રીગૌડ મિત્ર મંડળ ટ્રસ્ટ, વડોદરા

શ્રી શ્રીગૌડ મિત્ર મંડળ ટ્રસ્ટ, વડોદરા ની મહિલા પાંખ દ્વારા તા.૮/૩/૨૦૨૫ ને શનિવારે મહિલા દિન નિમીતે માંજલપુર વિસ્તારમાં આવેલા લાલબાગમાં ઉજાણી કરવામાં આવી હતી.આ પ્રસંગે મહિલા પાંખ ની ૪૮ મહિલા સદસ્યોએ ભાગ લીધો હતો. વિવિધ કાર્યક્રમો અને રમતોમાં ઉત્સાહ પૂર્વક ભાગ લઈ સમગ્ર આયોજન ને સફળ બનાવવા સહયોગી ભૂમિકા ભજવી હતી.

વિજેતાઓ ને ઈનામો આપવામાં આવ્યા હતાં.

મહિલા પાંખના પ્રમુખ કામાક્ષીબેન પંડ્યા , મંત્રી આરતીબેન દવે અને એમની સમગ્ર ટીમે સુંદર આયોજન કર્યું હતું અને સૌને પ્રભાવિત કર્યાં હતાં.

ઉપરોક્ત ટ્રસ્ટના ટ્રસ્ટી મંડળ તરફથી સૌને અભિનંદન .

| | |
|---|---|
| શ્રી મનોજ શુક્લા | શ્રી જયેન્દ્ર દવે |
| મંત્રી | પ્રમુખ |




# શ્રી શ્રીગૌડ મિત્ર મંડળ ટ્રસ્ટ ,વડોદરા.

શ્રી શ્રીગૌડ મિત્ર મંડળ ટ્રસ્ટ , વડોદરા દ્વારા તા.૨/૩/૨૦૨૫ ને રવિવારે " Box Cricket " નું આયોજન એકલિપ્સ સ્પોર્ટ્સ - ૨, અંકોડિયા ગ્રાઉન્ડ , વડોદરા પર સવારે ૯=૦૦ કલાક થી શરૂ કરવામાં આવ્યું હતું.

ક્રિકેટ ની આ રમતમાં ૮૦ વર્ષથી લઈ ને ૧૧ વર્ષ સુધીના કુલ ૬૫ જેટલા મંડળના ભાઈ બ્હેનઓ એ ઉત્સાહ પૂર્વક ભાગ લીધો હતો.

રમતમાં ભાગ લેનાર ભાઈઓ ની છ ટીમ બનાવી ત્રણ ત્રણ ટીમ ને A અને B ગ્રુપમાં મુકી પરસ્પર મેચ રમાડી બન્ને ગ્રુપમાં પ્રથમ આવેલ ટીમ વચ્ચે ફાઈનલ મેચ રમાડવામાં આવી હતી જયારે બહેનોની ત્રણ ટીમ બનાવી પરસ્પર ટીમ સાથે મેચ રમાડી પ્રથમ સ્થાને આવનાર ટીમને વિજેતા જાહેર કરવામાં આવી હતી.

સૌહાર્દ ભર્યાં વાતાવરણમાં સૌએ ઉત્સાહથી...આનંદ અને હળવી મજાક મસ્તી થકી રમતને માણી હતી.

પ્રમુખશ્રી જયેન્દ્ર દવે એ સૌનું શાબ્દિક સ્વાગત કર્યું ત્યારબાદ મંડળના સૌથી વયોવૃદ્ધ શ્રી કિરીટભાઈ શુક્લ એ બેટિંગ કરી અને શ્રી પ્રકાશભાઈ દવે એ બોલિંગ કરી બોક્સ ક્રિકેટ ની રમતનું ઉદઘાટન કર્યું હતું.

સમગ્ર રમતનું સફળતાપૂર્વક સંચાલન ટ્રસ્ટી શ્રી સૌમિલ શુક્લ ,શ્રી યોગેશ દવે , શ્રી અસિત શુક્લા અને મંત્રીશ્રી મનોજ શુક્લા એ કર્યું હતું.

અમ્પાયર તરીકે શ્રી જયેન્દ્ર દવે , શ્રી મનીષ દવે , શ્રી યોગેશ દવે અને શ્રી કૌશિકભાઈ પુરોહિત અને સમગ્ર મેચોની મનોરંજક કોમેન્ટ્રી શ્રી મહર્ષિ પાઠક , શ્રી કનકભાઈ પાઠક , શ્રી કૃતાર્થ દવે એ આપી હતી

સવારે ચ્હા નાસ્તાની અને બપોરે સ્વાદિષ્ટ લંચ ની વ્યવસ્થા મંડળ દ્વારા કરવામાં આવી હતી.

સાડા છ કલાક સુધી ચાલેલ આ રમતના કાર્યક્રમ ને સફળ બનાવવામાં સૌ ઉપસ્થિત સદસ્યો , ટ્રસ્ટી મંડળના ટ્રસ્ટીઓ , મંડળની મહિલા પાંખના સૌ સદસ્યોએ ખુબજ મહત્વપૂર્ણ ભૂમિકા ભજવી હતી.

આપ સૌનો ખૂબ ખૂબ આભાર.

| | |
|---|---|
| શ્રી મનોજ શુક્લ | શ્રી જયેન્દ્ર દવે |
| મંત્રી. | પ્રમુખ . |



# એપ્રિલ, મે, જૂન ૨૦૨૫ અવસાન નોંધ

(૧) સ્વ. જયંતભાઈ મણીશંકર દેવાશ્રયી, અમદાવાદ
(૨) સ્વ. ભૂપેન્દ્રકુમાર મણીલાલ ઉપાધ્યાય, અમદાવાદ
(૩) સ્વ. હરિવદન મૂળશંકર જોષી, નડિયાદ (ચક્ષુદાતા)
(૪) સ્વ. નટવરલાલ ગોરધનદાસ ભટ્ટ, વડોદરા
(૫) સ્વ. સુધાબેન પ્રફુલચંન્દ પંડ્યા, પલાણા
(૬) સ્વ. કૃણાલ પ્રભાકરભાઈ શાસ્ત્રી, પેટલાદ
(૭) સ્વ. ઈલાબેન જયપ્રકાશ પંડ્યા, મલાવ
(૮) સ્વ. શિવમ વિજયકુમાર દવે, ગોધરા
(૯) સ્વ. દેવપ્રસાદ (સુરેશભાઈ ) નંદલાલ ભટ્ટ, અમદાવાદ
(૧૦) સ્વ. નરેન્દ્રભાઇ મૂળશંકર પુરોહિત, જૂનાગઢ
(૧૧) સ્વ. સુરેશભાઈ લક્ષ્મીશંકર પાઠક, અમદાવાદ
(૧૨) સ્વ. કૃષ્ણકાંત બાબુભાઈ શુક્લ, વડોદરા
(૧૩) સ્વ. સૂર્યાબેન દેવેન્દ્રપ્રસાદ દવે, દંતાલી ગામ, અમદાવાદ
(૧૪) સ્વ. દેવલક્ષ્મીબેન બિરજુભાઈ પંડ્યા, ગોધરા
(૧૫) સ્વ. શશીકાંતભાઈ બળવંતભાઈ પંડ્યા, અમદાવાદ
(૧૬) સ્વ. ઉમાકાન્તભાઈ મુળશંકર દિક્ષિત, અમદાવાદ
(૧૭) સ્વ. રજનીકાંત રમણલાલ પંડ્યા, કાલોલ/ વડોદરા
(૧૮) સ્વ. માધુરીબેન હેમંતભાઈ ઉપાધ્યાય, અમદાવાદ
(૧૯) સ્વ. ગજેન્દ્ર ભાઈ જયંતી લાલ જોષી, શહેરા
(૨૦) સ્વ. સુમિત્રાબેન અંબાલાલ પાઠક, શહેરા
(૨૧) સ્વ. નિરાલીબેન દેવેશભાઈ શુક્લ, કેનેડા
(૨૨) સ્વ. ધર્મિષ્ઠાબેન નિરંજનભાઈ શાસ્ત્રી, મુંબઈ
(૨૩) સ્વ. આયુષીબેન  હિમાંશુભાઈ શુક્લ, વડોદરા
(૨૪) સ્વ. મહાદેવ દિનેશભાઈ પંડ્યા, ફતેપુર, તા. નડિયાદ
(૨૫) સ્વ. હિતેષ રમેશચંદ્ર શુકલ, સંતરામપુર
(૨૬) સ્વ. ડૉ.જયોતિન્દ્રભાઈ મહેન્દ્રભાઈ દવે, અમદાવાદ
(૨૭) સ્વ.બિહારીલાલ માણેકલાલ દવે, કરમસદ
(૨૮) સ્વ. નટવરલાલ અમૃતલાલ જોષી, વડોદરા
(૨૯) સ્વ. વિનોદચંદ્ર ત્રિભોવનદાસ ઉપાધ્યાય, કાલોલ

સૌરાષ્ટ્ર કચ્છ

(૧) સ્વ. સુશીલાબેન પ્રભાશંકર જોષી, ગોંડલ
(૨) સ્વ. વસુમતીબેન મનસુખલાલ ભટ્ટ, રતાંગ ( ગીર)
(૩) સ્વ. નંદકિશોરભાઈ (નીતિનભાઈ) રતિલાલ  ભટ્ટ, રાજકોટ
(૪) સ્વ. ભુપતલાલ પોપટલાલ ભટ્ટ, મોણીયા
(૫) સ્વ. જયોતકુમાર જીતેન્દ્રભાઈ ભટ્ટ, ચોટીલા
(૬) સ્વ. દીપકભાઈ અમૃતલાલ જોશી, જુનાગઢ
(૭) સ્વ. ભરતભાઈ મનસુખભાઈ પંડ્યા, રાજકોટ
(૮) સ્વ. ચંદ્રકાન્તભાઈ કેશવલાલ ભટ્ટ, પ્રાચી ( પીપળા)
(૯) સ્વ. લલીતકુમાર મનસુખલાલ ભટ્ટ, બરવાળા (સીમાસી)
(૧૦) સ્વ. કપિલરાય કિશોરચંદ્ર પંડ્યા, રાજકોટ
(૧૧) સ્વ. હર્ષદરાય ઉદયશંકર ભટ્ટ, રાજકોટ
(૧૨) સ્વ. મુક્તાબેન વનમાળીભાઈ ભટ્ટ, રાજકોટ
(૧૩) સ્વ કેતનભાઈ પ્રભાકર ભટ્ટ, રાજકોટ (૧૪) સ્વ. ગણપતરાય માધવજી પુરોહિત, કેશોદ
(૧૫) સ્વ. સુધાબેન ઈશ્વરલાલ પુરોહિત, અરણિયાના/ ગાંધીનગર
(૧૬) સ્વ. સુભદ્રાબેન રમણીકલાલ જોષી, ભાવનગર
(૧૭) સ્વ.  છેલશંકર રેવાશંકર જોષી, કેશોદ
(૧૮) સ્વ. જયસુખલાલ હરિશંકર પુરોહિત, જુનાગઢ
(૧૯) સ્વ. અરુણભાઈ કાંતિલાલ ભટ્ટ, સાવરકુંડલા
(૨૦) સ્વ. કલાવતીબેન ઉપેન્દ્રભાઈ ભટ્ટ, રાજકોટ
(૨૧) સ્વ. તૃપ્તિબેન અરવિંદભાઈ ભટ્ટ, રાજકોટ
(૨૨) સ્વ. ભુપતરાય રતિલાલ પુરોહિત, ભાયાવદર / અમદાવાદ
(૨૩) સ્વ. કિશનભાઈ ચુનિલાલ જોષી, રાજકોટ
(૨૪) સ્વ. ઉષાબેન સુરેશચંદ્ર ભટ્ટ, રાજકોટ
(૨૫) સ્વ. મધુસુધન રતિલાલ ભટ્ટ, રૈયા
(૨૬) સ્વ. પ્રવિણાબેન જયેન્દ્રલાલ ભટ્ટ, કોયલી/ ગાંધીનગર
(૨૭) સ્વ. વૈભવભાઈ પરાગકુમાર પાઠક, રાજકોટ

**સમસ્ત શ્રીગૌડ સમાજ, ગુજરાત અવસાન પામેલ સ્વજનોને ભાવભીની શ્રદ્ધાંજલિ પાઠવે છે અને પરમકૃપાળુ પરમાત્મા તેમને ચિર શાંતિ અર્પે તેવી પ્રાર્થના.**

# એન્જિનિયરીંગ અભ્યાસ માટે શ્રેષ્ઠ વિકલ્પ (સાવલી) વડોદરામાં

# K.J. INSTITUTE OF ENGINEERING & TECHNOLOGY

## Savli, Dist. Vadodara

(Approved by AICTE, Affiliated to Gujarat Technological University)




વાર્ષિક ૮ લાખથી ઓછી આવકવાળા વિદ્યાર્થીઓ માટે

**100% Scholarship (NO FEES)**

## Diploma (Polytechnic) – Degree Engineering College

| SSC ધો. ૧૦ પછી | HSC ધો. ૧૨ પછી |
|---|---|
| ૩ વર્ષનો ડીપ્લોમા | ૪ વર્ષનો B.E. એન્જીનીયરીંગ કોર્સ |

- Computer
- I.T.
- E.C.
- Mechanical
- Electrical
- Civil
- Automobile

**સફળતાપૂર્વક અભ્યાસ પછી ૧૦૦% ગેરંટીડ પ્લેસમેન્ટ અથવા પુરી ફી પાછી.**

- કૉલેજ કેમ્પસમાં વિદ્યાર્થી ભાઈઓ અને બહેનો માટે હોસ્ટેલની સવલત
- વડોદરા શહેરના વિવિધ સ્થળોએથી કૉલેજ બસની સુવિધા

K. J. Campus, Opp. I.T.I., Savli - 391770, Dist. Vadodara. | Ph. : (02667) 222264 ☎ : 8980314190

VADODARA ADMISSION HELP CENTRE :

C-212, Manubhai Tower, Near Havmor Restaurant, Sayajigunj, Vadodara. | ☎ : (0265) 2222 900 www.kjit.org

# K. J. institute of Engineering and Technology, KJIT - Savli,Vadodara

મિત્રો, KJIT- Savli ના ટુંકા નામથી પ્રખ્યાત આ સંસ્થાનો આપણે પરિચય લઈએ.

KJIT Savli એ શ્રીગૌડ બ્રાહ્મણ પરિવાર દ્વારા સ્થાપિત અને સંચાલિત ગુજરાતના વડોદરા જિલ્લાના સાવલીમાં આવેલ શૈક્ષણિક સંકૂલ છે. સ્વ. કાશીબા જયશંકર પંડયા - પૂજ્ય માતુશ્રીના આશીર્વાદથી પ્રેરાઈને સ્વ. ભાનુપ્રસાદ જયશંકર પંડયા [B. J. Pandya] એ ૨૦૦૯માં ગ્રામ્ય વિસ્તારના બાળકોને શહેર જેવુ જ શિક્ષણ, એમના ઘર - ગામ નજીક, વાલીને પોસાય તેવી વ્યાજબી ફીમાં મળી રહે એ હેતુથી કરી હતી.

સ્વ. ભાનુપ્રસાદ જયશંકર પંડયા [B. J. Pandya] એ ગુજરાત યુનિવર્સિટી અમદાવાદમાં ૩૪ વર્ષ જેવો લાંબો સમય કામગીરી કરેલ હતી. જ્યાં તેઓ સેનેટ અને સિન્ડીકેટ સભ્ય પણ રહી ચૂક્યા હતા. સેવા નિવૃત થયા બાદ પોતાની ક્ષમતાનો લાભ ગામ, તાલુકા - જિલ્લા અને જ્ઞાતિબંધુઑને પણ મળી રહે એ આશયથી આ સ્વનિર્ભર સંકૂલની સ્થાપના એમણે સાવલી - પોતાના વતનમાં કરી હતી.

આશરે દસ લાખ સ્ક્વેરફૂટ જગ્યામાં ફેલાયેલ વિશાળ શિક્ષણ સંકૂલ, પ્લેસમેન્ટ, નિષ્ણાંત પ્રોફેસર ટીમ, વિશાળ વર્કશોપ, હોસ્ટેલ સગવડ, ટ્રાન્સપોર્ટેશન, ગુણવત્તા સભર જમવાની મેસ..અને સાચું અને યોગ્ય ગુણવત્તા સભર શિક્ષણ એ પણ શ્રીગૌડ ભૂદેવ પરિવાર સંચાલિત સંકૂલમાં મેળવવું હોય તો KJIT Savli શ્રેષ્ઠ વિકલ્પ છે.

હાલના ટ્રસ્ટી અને સંચાલકો એવા શ્રી ધર્મેશભાઈ બી પંડ્યા, અને શ્રી સમીરભાઈ બી પંડ્યા જે સ્થાપક એવા દિવંગતશ્રી ભાનુપ્રસાદ પંડ્યાના સુપુત્રો છે. બન્ને ભાઈઓ શ્રીગૌડ સમાજ માટે ખૂબ ઉચ્ચ લાગણીઓ ધરાવે છે. આપના સંતાનોની એક ઉજવળ કારકિર્દી બનાવવા તથા શિક્ષણ અંગે યોગ્ય માર્ગદર્શન મેળવવા માટે આ સંસ્થાની એક વખત અચૂક મૂલાકાત લેશો. જરૂરતમંદ બ્રાહ્મણ પરિવારના, તેજસ્વી સંતાનોને ભણવા માટે ૧૦૦ % સ્કોલરશીપ પણ જરૂરી તપાસ કરીને આપવામાં આવે છે.

- તંત્રી, રાજેશ પંડ્યા " રાજ "

KJIT Savli કેમ્પસમાં હાલ નીચે જણાવેલ સંસ્થાઓ કાર્યરત છે : www.kjit.org સંસ્થાની website છે.

| ક્રમ | સંસ્થાનું નામ | સંસ્થાની વિગત | કોર્સની વિગત |
|---|---|---|---|
| ૧ | K. J. Institute of Engineering & Technology | AICTE અને ગુજરાત ટેક્નોલોજિકલ યુનિવર્સિટી GTU - માન્ય એન્જિનિયરિંગ કોલેજ | ધોરણ ૧૨ પછીના, ૪ વર્ષના ડિગ્રી એન્જિનિયરિંગ કોર્સ : Computer – I.T., Mechanical, Electrical, Civil, Automobile & E.C. Branches |
| ૨ | S B Polytechnic | AICTE અને ગુજરાત ટેક્નોલોજિકલ યુનિવર્સિટી GTU - માન્ય પોલિટેકનિક – ડિપ્લોમા કોલેજ | ધોરણ ૧૦ પછીના, 3 વર્ષના ડિપ્લોમા એન્જિનિયરિંગ કોર્સ |
| 3 | S B College of Computer Applications & Management | આંબેડકર યુનિવર્સિટી અમદાવાદ સંલગ્ન | ધોરણ ૧૨ પછી BCA અને BBA અભ્યાસક્રમ |
| ૪ | જયકા જન સહાયક રોજગાર લક્ષી તાલીમ કેન્દ્ર | NSDC & CED Approved Skill Development Centre | ૪ મહિનાના ટૂંકા ગાળાના રોજગાર લક્ષી સ્કિલ ડેવલપમેન્ટ કોર્સ |
| ૫ | કે જે વિદ્યામંદિર | ગુજરાત બોર્ડ માન્ય સ્કૂલ | KG થી ધો.૧૨ સુધીની સ્કૂલ |
| ૬ | જ્ઞાન શક્તિ રેસિડેન્શિયલ સ્કૂલ ઓફ એકસેલેન્સ | ગુજરાત બોર્ડ માન્ય સ્કૂલ | ધો. ૬ થી ધો. ૧૨ સુધીની રેસિડેન્શિયલ સ્કૂલ |
| ૭ | કાશીબા આયુર્વેદિક હોસ્પિટલ | રાજ્ય સરકાર માન્ય હોસ્પિટલ | NABH Certified – 60 Bed Ayurved Hospital |
| ૮ | K J Institute of Ayurveda & Research | आयुष मंत्रालय & ગુજરાત આયુર્વેદ યુનિવર્સિટી સંલગ્ન આયુર્વેદ કોલેજ | સાડા ચાર વર્ષના B.A.M.S. આયુર્વેદ કોર્સિસ. |

# કે.જે.આઈ.ટી. શિક્ષણ સંસ્થાની લાક્ષણિક તસ્વીરો...

## કે. જે. વિદ્યામંદિર





















# કે.જે.આઈ.ટી. શિક્ષણ સંસ્થાની લાક્ષણિક તસ્વીરો...

## કે. જે. ઈન્સ્ટીટ્યૂટ ઓફ એન્જનિયરિંગ એન્ડ ટેકનોલોજી























# કાશીબા આયુર્વેદિક હોસ્પિટલ - સાવલી

NABH માન્ય

## આપણી સંસ્કૃતિના મૂળમાં રહેલા આયુર્વેદિક ઉપચારો દ્વારા સંપૂર્ણ સ્વાસ્થ્યને પામીએ!

Ayurvedic Care for a Harmonious Life.



હવે દરેક સ્વાસ્થ્ય સમસ્યાનો આયુર્વેદિક ઉપચાર કાશીબા આયુર્વેદિક હોસ્પિટલમાં.

- વૈજ્ઞાનિક રીતે માન્ય અને પરંપરાગત આયુર્વેદિક ઉપચારો
- નિષ્ણાંત વૈદ્ય-તબીબો દ્વારા વ્યક્તિગત સારવાર
- શરીર, મન અને આત્માનું સંપૂર્ણ આરોગ્ય

પંચકર્મ | હર્બલ થેરાપી | પૌષ્ટિક ડાયેટ

## આયુર્વેદ સાથે સ્વાસ્થ્યની નવી ઊંચાઈઓ પર પહોંચો!



ધર્મેશ ભાનુપ્રસાદ પંડ્યા

(મેનેજીંગ ટ્રસ્ટી)

KJIT કેમ્પસ, ITI-નવી કોર્ટ સામે, સાવલી, જી.વડોદરા

વધુ માહિતી માટે સંપર્ક: 02667-290541, 757 304 1994

www.kjiar.edu.in/kashiba

# "સમસ્ત શ્રીગૌડ જીવનસાથી" વોટ્સએપ ગ્રૃપ

"કોઈપણ ખર્ચ વગર સમસ્ત શ્રીગૌડ જીવનસાથી Free વોટસ એપ ગ્રૂપ માં જોડાવવા માટે આમંત્રણ" શ્રીગૌડ બ્રાહ્મણ દીકરા દીકરીઓ ના વિવાહ શ્રીગૌડ સમાજમાં થાય તે શુભ હેતુથી સમસ્ત શ્રીગૌડ સમાજ ના જુદા જુદા પક્ષના પ્રતિનિધિઓના સાથ અને સહકારથી "સમસ્ત શ્રીગૌડ જીવનસાથી" વોટ્સએપ બાયોડેટા ગ્રૂપ શરૂ કરવામાં આવેલ છે. નિઃશુલ્ક (FREE) સેવા આપવામાં આવી રહેલ છે.

બાયોડેટા, એડમીન દ્વારા જ વોલ ઉપર મૂકવામાં આવે છે ગ્રૂપમાં બાયોડેટા મૂકવા માટે મુખ્ય વ્યક્તિનો વોટ્સએપ નંબર અને બાયોડેટા એક ફોટા સાથે કોઈપણ એડમીનને મોકલી આપવાનો રહેશે.

બાયોડેટાની પીડીએફ ફાઈલનું નામ નીચે પ્રમાણે આપવાનું રહેશે.

➡ સૌપ્રથમ યુવક / યુવતી નું નામ, પછી જન્મનું વર્ષ અને છેલ્લે શહેર/ ગામનું નામ. દા.ત. bhavin.1996.ahmedabad kajal.2001.surat

સભ્યો દ્વારા ફરજિયાત બાયોડેટા મૂકવા માટે ગ્રૂપ દર મહિનાના ચોથા શનિવાર અને રવિવાર આ બે દિવસ ખુલ્લું મૂકવામાં આવે છે. દર મહિને બાયોડેટા પુનરાવર્તિત થાય છે. તમારા દીકરા કે દીકરી માટે યોગ્ય પાત્ર શોધતા હોવ તો નીચે આપેલ કોઈપણ એડમીનશ્રીનો સંપર્ક કરવો.

(૧) શ્રી હિતેશભાઈ ભટ્ટ (અમદાવાદ) - ૯૮૨૪૦૯૧૨૯૬

(૨) શ્રી જયંત જોષી (ગાંધીનગર) - ૯૬૦૧૯૯૫૫૬૭

(૩) શ્રી પ્રવિણભાઈ પુરોહિત (અમદાવાદ) - ૯૮૨૪૩૫૮૨૯૭

(૪) ડૉ. પ્રિતેશભાઈ શુક્લ (આણંદ) - ૯૪૨૮૪૯૧૨૨૧

(૫) શ્રી પ્રશાંતભાઈ પાઠક (વડોદરા) - ૮૩૨૦૬૨૭૨૮૦

(૬) શ્રી મહેન્દ્રભાઈ પુરોહિત (વડોદરા) - ૯૪૨૭૭૮૬૨૬૪

(૭) શ્રી કિરણભાઈ શુક્લ (વડોદરા) - ૯૯૭૮૯૨૦૯૮૮

(૮) શ્રી ઉદયભાઈ શાસ્રી (અમદાવાદ) - ૯૮૨૫૩૯૩૫૯૯

(૯) શ્રી આશિષભાઈ પાઠક (વડોદરા) - ૯૪૨૭૭૧૭૮૯૧

(૧૦) શ્રી સંજયભાઈ જાની (જામનગર) - ૯૯૨૪૪૭૨૭૦૯

(૧૧) શ્રી બંકિમભાઈ પુરાણી (વડોદરા) - ૯૯૯૮૦૦૮૩૬૬

(૧૨) શ્રી ધ્રુવભાઈ શુકલ (અમદાવાદ) - ૯૪૨૯૩૫૫૬૫૩

(૧૩) શ્રી જીજ્ઞેશભાઈ પંડિત - (અમદાવાદ) ૯૦૯૯૦૨૯૦૭૯

(૧૪) સુશ્રી કૃપાબેન પાઠક (અમદાવાદ) ૯૫૩૭૬૫૨૪૫૨

આ શુભ કામમા સહભાગી થવા માટે આપના બધાજ શ્રીગૌડ સમાજના અને પારિવારિક ગૃપમાં તેમજ દરેક સગાં સંબંધીઓને આ મેસેજ ફોરવર્ડ કરશો. વિના સહકાર નહીં ઉધ્ધાર.

|| जय श्री महालक्ष्मी माता प्रसंन्नोस्तुः ||

# સમસ્ત શ્રીગૌડ સમાજ-ગુજરાત, ટ્રસ્ટીગણ અને કારોબારી સભ્યોની યાદી

**પ્રમુખ શ્રી કમલેશભાઈ એસ પાઠક,અમદાવાદ**
**મંત્રી શ્રી યોગેશ કે શુકલ ,અમદાવાદ**
**ખજાનચી શ્રી પ્રવીણભાઈ વી પૂરોહિત ,અમદાવાદ**
તંત્રી, શ્રીગૌડ જાગૃતિ - શ્રી રાજેશ પંડ્યા ‘ રાજ’ (અમદાવાદ)

**ટ્રસ્ટી મંડળ**

૧. શ્રી જયંતભાઈ જી. જોષી,ગાંધીનગર
૨. શ્રી ધર્મેશભાઈ બી. પંડ્યા,વડોદરા
૩. શ્રી ધ્રુવભાઈ જે. જોષી,વડોદરા
૪. શ્રી મિહિરભાઈ આર. પંડયા,અમદાવાદ
૫. શ્રી વિપુલભાઈ જે. ભટ્ટ,અમદાવાદ
૬. શ્રી જીજ્ઞેશભાઈ એસ. પાઠક, શહેરા
૭. શ્રી કુમુદભાઈ એ. દવે,અમદાવાદ
૮. શ્રી પંકજભાઈ એમ. શુકલ,અમદાવાદ
૯. શ્રી સ્મિતલભાઈ કે. પંડિત, અમદાવાદ
૧૦. શ્રી કેયુરભાઈ શાસ્ત્રી,અમદાવાદ
૧૧. શ્રી હેતલકુમાર આર. શુકલ,અમદાવાદ

**જિલ્લા / વિસ્તાર પ્રમાણે કારોબારી સભ્યો :-**
**અમદાવાદ, ગાંધીનગર, ઉત્તર ગુજરાત**

૧ શ્રી ધ્રુવ શુક્લ (અમદાવાદ)
૨ શ્રી ઉદય શાસ્ત્રી (અમદાવાદ)
૩. શ્રી દિગીશ દવે (અમદાવાદ)
૪. શ્રી અમિત જોષી (અમદાવાદ)
૫. શ્રી રાજેશ પંડ્યા (અમદાવાદ)
૬. શ્રી જીજ્ઞેશ પંડિત (અમદાવાદ)
૭. શ્રી વર્ષિલ શુક્લ (ગાંધીનગર)
૮. શ્રી જયેશ ભટ્ટ (અમદાવાદ)
૯. શ્રી નિરવ દવે (અમદાવાદ)
૧૦. શ્રી રાજેશ દવે (અમદાવાદ)
૧૧. શ્રી હાર્દિક શુક્લ (ગાંધીનગર)
૧૨. શ્રી આશિષ જોષી (અમદાવાદ)
૧૩. શ્રી અલ્પેશ ઉપાધ્યાય (અમદાવાદ)
૧૪. શ્રી અતુલભાઈ પાઠક (અમદાવાદ)
૧૫. ડો. શ્રી પ્રશાંતભાઈ જોષી (અમદાવાદ)
૧૬. શ્રી મુકેશભાઈ પુરોહિત (અમદાવાદ)
૧૭. શ્રી મયંકભાઈ શુક્લ (અમદાવાદ)
૧૮. શ્રી જયંતભાઈ શુક્લ ( અમદાવાદ)

**વડોદરા અને છોટા ઉદેપુર જિલ્લો**

૧. શ્રી પ્રશાંતભાઈ પાઠક -
૨. શ્રી આશિષભાઈ પાઠક
૩. શ્રી મહેન્દ્રભાઈ પુરોહિત
૪. શ્રી વિપુલભાઈ પંડ્યા
૫. શ્રી વિમલભાઈ ત્રિવેદી
૬. શ્રી જયેન્દ્રભાઈ દવે
૭. શ્રી કિરીટભાઈ શુક્લ

**દક્ષિણ ગુજરાત (ભરુચ, સુરત, વલસાડ)**

૧. શ્રી કિરીટભાઈ જોષી (ભરૂચ)
૨. શ્રી તેજસભાઈ શુક્લ (સુરત)
૩. શ્રી હરદિપ પાઠક (સુરત )

**મહિસાગર, પંચમહાલ, દાહોદ જિલ્લા (દાહોદ, ગોધરા, કાલોલ, શહેરા, લુણાવાડા, વીરપુર, કોઠંબા)**

૧. શ્રી લોમેશભાઈ ઉપાધ્યાય (કોઠંબા)
૨. શ્રી કૃતાર્થ જોષી (દાહોદ)
૩. શ્રી ભાવેશભાઈ જોષી (ગોધરા)
૪. શ્રી અંકુર ઉપાધ્યાય (કાલોલ)
૫. શ્રી સંદીપભાઈ દેવાશ્રયી (લુણાવાડા)

**ખેડા / આણંદ (નડિયાદ, ડાકોર, આણંદ, ખંભાત)**

૧. શ્રી મહેશભાઈ ઉપાધ્યાય (ડાકોર)
૨. શ્રી પંકજભાઈ પુરોહિત (આણંદ)
૩. શ્રી ભરતભાઈ દવે (આણંદ )
૪. શ્રી હેમંતભાઈ પુરોહિત (આણંદ )
૫. શ્રી માર્તંડભાઈ પાઠક (ખંભાત)
૬. શ્રી ભાવિનભાઈ ભટ્ટ (ખંભાત)

**મહિલા પ્રતિનિધિ**

૧. સુશ્રી રશ્મિબેન દવે (અમદાવાદ)
૨. સુશ્રી પારુલ દવે (અમદાવાદ)
૩. સુશ્રી શેફાલી ઉપાધ્યાય (કાલોલ)
૪. સુશ્રી ભાર્ગવીબેન અગ્નિહોત્રી(અમદાવાદ)
૫. સુશ્રી લીનાબેન ધ્રુવભાઈ શુકલ (અમદાવાદ)

# નવા આજીવન સભ્યોની યાદી

સમસ્ત શ્રીગૌડ સમાજ, ગુજરાત ( રજી. નં. એ/૩૩૫૨/અમદાવાદ) અમદાવાદ દ્વારા આજીવન સભ્યો બનાવવા માટે શરૂ કરવામાં આવેલ ઝુંબેશ અંતર્ગત સભ્ય બનનાર નવા આજીવન સભ્યોની યાદી:-

(૧) શ્રી સૌરભભાઈ રાજેશભાઈ દવે, અમદાવાદ

(૨) શ્રી અમિતભાઈ રાજેશભાઈ દવે, બેંગલોર

(૩) શ્રીમતી દેવર્ષિબેન અમિતભાઈ દવે, બેંગલોર

(૪) ભાવેશભાઈ ચન્દ્રકાન્તભાઈ જોષી, ગોધરા

(૫) કુ. વનશ્રી યોગેશભાઈ શુક્લ, અમદાવાદ

(૬) શ્રી કથન યોગેશભાઈ શુક્લ, અમદાવાદ

(૭) શ્રી કૃતાર્થભાઈ કિરીટભાઈ જોશી, દાહોદ

(૮) શ્રીમતી પૂનમબેન કૃતાર્થભાઈ જોશી, દાહોદ

(૯) શ્રી નિખિલભાઈ ચંદ્રકાંતભાઈ જોષી, ગોધરા

(૧૦) શ્રી ધવલભાઈ ચંદ્રકાંતભાઈ જોષી, ગોધરા

(૧૧) શ્રી ધર્મેશભાઈ બી. પંડ્યા, વડોદરા

(૧૨) શ્રીમતી નીપાબેન ધર્મેશભાઈ પંડ્યા, વડોદરા

(૧૩) શ્રી સમીરભાઈ બી. પંડ્યા, સાવલી

(૧૪) શ્રીમતી સેજલબેન સમીરભાઈ પંડ્યા, સાવલી

(૧૫) શ્રી રૂપેશકુમાર હર્ષદરાય પંડ્યા, ડાકોર

(૧૬) શ્રીમતી નીતાબેન રૂપેશકુમાર પંડ્યા, ડાકોર

(૧૭) શ્રી વિનિત અરવિંદભાઈ દવે, અમદાવાદ

(૧૮) શ્રીમતી જ્યોતિબેન વિનિતભાઈ દવે, અમદાવાદ

(૧૯) શ્રીમતી રક્ષાબેન વિમલભાઈ ત્રિવેદી. વડોદરા

(૨૦) શ્રી મનીષકુમાર વસંતરાય જોષી. અમદાવાદ

(૨૧) શ્રી ધ્વનિત કમલેશભાઈ પાઠક, અમદાવાદ

(૨૨) શ્રીમતી નેહાબેન ધ્વનિત પાઠક, અમદાવાદ

(૨૩) શ્રી હર્ષિલ દિગીશભાઈ દવે, અમદાવાદ

# માહિતી સમાચાર શ્રીગૌડ જાગૃતિ સુધી પહોંચાડવાનું ગુગલ ફોર્મ

શ્રીગૌડ જાગૃતિ મા આપ જે માહિતી અથવા સાહિત્ય પ્રકાશિત કરવા માંગતા હોવ તે સંપાદક ને પહોંચાડવા માટે આ QR Code સ્કેન કરી ને જે ગૂગલ ફોર્મ ખુલે તે ભરીને સબમિટ કરશો.

આ ગૂગલ ફોર્મ શ્રીગૌડ જાગૃતિ ના આગામી પ્રકાશિત થનારા અંક માં આપ કોઈપણ સમાચાર (લગ્ન, યજ્ઞોપવિત સંસ્કાર, ચૌલ સંસ્કાર, શ્રદ્ધાંજલિ સમાચાર, બઢતી અથવા સિદ્ધિ ના સમાચાર, વિશેષ ક્ષેત્ર માં મેળવેલ સિદ્ધિ , સન્માન, બહુમાન, ને લગતી માહિતી સમાજ ના મુખપત્ર માં પ્રકાશિત કરવા ઈચ્છતા હોવ તો આ ગૂગલે ફોર્મ ના માધ્યમ થી શ્રીગૌડ જાગૃતિ ના સંપાદક મંડળ ને મોકલી આપવા વિનંતી. આ ઉપરાંત આપ ની કોઈ સાહિત્યિક રચના / લેખ, કવિતા સામાજિક સંદેશ પ્રકાશિત કરવા માંગતા હોવ તો તે પણ આ ગૂગલ ફોર્મ સાથે મોકલી આપવા વિનંતી. પ્રસંગ ને અનુરૂપ ફોટોગ્રાફ અથવા કોઈ ડોક્યુમેન્ટ મોકલવા માંગતા હોવ તો તે પણ અટેચ કરી મોકલી શકો છો.

મળેલ સમાચાર અને લેખન ને મુખપત્ર માં સમાવવાની પૂરી કોશિષ કરવામાં આવશે આમ છતાં સંપાદક મંડળ ને મળેલ માહિતી ને પ્રકાશિત કરવા અંગેનો આખરી નિર્ણય તંત્રી મંડળ નો રહેશે.

જો કોઈ ડોક્યુમેન્ટ અથવા ફોટોગ્રાફ અથવા pdf સાથે વિગત આપવાની હોય તો ફાઈલ / ફોટોગ્રાફ અહીંયા અટેચ કરો (5 ફાઈલ અને 10 MB ટોટલ સાઈઝ - word, excel, drawing કે pdf અપલોડ કરી શકાશે.)

આપણા સમાજના ઉત્કર્ષ માટે અને સમાજના સભ્યો એકબીજા ની નજીક આવે અને સંગઠન ની ભવન વધુ મજબૂત બને તેવા ભાવ ને ગુણિત કરવામાં આપનું આ પ્રતિભાવ / યોગદાન અમૂલ્ય છે. સમાજ ના વિકાસ માટે આપ તત્પર રહો અને સમાજ ના પડખે ઉભા રહો તેવી શુભકામના સાથે આપનો ખુબ આભાર.

મળેલ સમાચાર અને લેખન ને મુખપત્ર માં સમાવવાની પૂરી કોશિષ કરવામાં આવશે આમ છતાં તંત્રી મંડળ ને મળેલ માહિતી ને પ્રકાશિત કરવા અંગેનો આખરી નિર્ણય તંત્રીશ્રીનો રહેશે.

સમસ્ત શ્રીગૌડ સમાજ - ગુજરાત

| **કમલેશ પાઠક** | **યોગેશ શુક્લ** | **જયંત જોષી** | **રાજેશ પંડ્યા'રાજ'** |
|---|---|---|---|
| **પ્રમુખ** | **મંત્રી** | **ટ્રસ્ટી** | **તંત્રી** |